RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 12* Date: 01.11.2022, Tuesday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મોરબીમાં મોતનો પુલ!

# મોરબીની ઘટનામાં અત્યાર સુધી ૧૪૧ લોકોના મોત નિપજયાં

### બેદરકારી બદલ ગુનો દાખલ, દોષિતો સામે થશે કડક કાર્યવાહી થશેઃ રાજય સરકાર

મોરબી,તા.૩૧

મોરબી માટે રવિવારનો દિવસ ગોઝારો બની ગયો, આન બાન અને શાન ગણાતા ઝૂલતા પૂલની તૂટવાની ઘટનાએ રાજય સહિત દેશને સ્તબ્ધ કરી દીધા છે. ૫૦૦થી વધુ લોકો પૂલ તૂટવાથી પાણીમાં ડૂબ્યા જેમાં અત્યાર સુધીમાં ૧૪૧ થી વધુ લોકોના મોત થયા હોવાની માહિતી મળી છે. હજુ અને લોકો ગૂમ છે જેમને શોધવા માટે સેનાની ત્રણેય પાંખની ટુકડીઓ યુદ્ધ સ્તરે કામગીરી કરી રહી છે.ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ૧૩૨ લોકોના મોતની સત્તાવાર રીતે પુષ્ટી કરાઈ છે. આ આંકડો હજુ વધવાની આશંકા છે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પણ મોરબી પહોંચ્યા અને તેમણે અહીં પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે રવિવારે સાંજે ૬.૩૦ વાગે ઝૂલતો પૂલ પડી જવાથી પરિવાર સાથે રવિવારના કારણે ફરવા આવેલા લોકોના દુઃખદ અવસાન થયા. ૬.૫૦ વાગ્યાથી ઈજાગ્રસ્તોને સારવાર માટે પહોંચાડવાનું શરૂ કરી સરકાર દ્વારા તાત્કાલિક સારવાર



આપવાનું શરૂ કરાયું હતું. ગણતરીના કલાકોમાં એનડીઆરએફ,નેવી, આર્મી અને એરફોર્સની ટીમોના ૨૦૦થી વધુ જવાનો કામગીરીમાં રોકાયેલા હતા. તેમણે એમ પણ કહ્યું કે આ દુર્ઘટનામાં આઈપીસીની કલમો ૩૦૪, ૧૧૪ હેઠળ ગંભીર ફોજદારી ગુનો દાખલ કરેલો છે. દુર્ઘટના પછી આશરે ૧૭૭ જેટલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ૧૯ લોકોને નાની-મોટી ઈજા હોવાથી વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ રખાયા છે. જેમાંથી ત્રણ વ્યક્તિને રાજકોટ રીફર કરવામાં આવ્યા છે.

બીજી તરફ પુલ તૂટ્યા પછી મચ્છુ નદીમાં ગરકાવ હતભાગીઓને શોધવા આર્મી, નેવી, એરફોર્સ, એન.ડી.આર.એફ., ફાયર બ્રિગેડ સહિતની ટીમોએ આખી રાત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી, મંત્રી બ્રિજેશભાઈ મેરજા, રાજયમંત્રી અરવિંદભાઈ રૈયાણી વગેરેએ પણ અડધી રાતે ઘટનાસ્થળે જઈને બચાવ ઓપરેશનને રૂબરૂ નિહાળીને દિશાસૂચન કર્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર તરફથી મળતી વિગતો મુજબ, ઝૂલતા પુલની દુર્ઘટના બન્યા પછી, તંત્ર તુરંત જ સક્રિય થઈ ગયું હતું અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. આ ઉપરાંત અન્ય સ્થળોની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચવા લાગી હતી. બીજીતરફ મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ આરોગ્ય કેન્દ્રો, રાજકોટ પીડીયુ હોસ્પિટલ તેમજ સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલના ૪૦ જેટલા ડોક્ટરોએ ખડેપગે રહીને ઈમરજન્સી સારવાર શરૂ કરી હતી.

બચાવકાર્યમાં લાગેલી ટૂકડીઓ તેમજ ખડેપગે રહેલા અધિકારીઓએ આખી રાત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન નગરપાલિકાઓના કમિશનરશ્રી રાજકુમાર બેનિવાલ, મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યા, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ, રાજકોટ જિલ્લાના નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ધીમંત વ્યાસ, મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરાગ ભગદેવ, મોરબી જિલ્લા પોલીસવડાશ્રી રાહુલ ત્રિપાઠી સહિતના અધિકારીઓ, કર્મચારીઓનો કાફલો આખીરાત ખડેપગે રહ્યો હતો. દરમિયાન સ્થાનિક લોકો પણ તંત્રની કામગીરીમાં મદદરૂપ થતા રહ્યા હતા.જોકે, પુલની ક્ષમતા કરતા વધારે લોકો પુલ પર દાખલ થતાં પુલ તૂટી પડ્યો હોવાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે. જોકે, આ પુલની દેખરેખ પ્રાઈવેટ કંપનીને સોંપવામાં આવી હતી. અને પુલ પર ટીકીટ લઈને લોકોએ પ્રવેશ કર્યો હતો. કંપનીની આ ગંભીર બેદરકારીને કારણે આ ઘટના બની છે. જેથી દોષિતો સામે કડકમાં કડક પગલાં લેવાની ગુજરાત સરકારે બાંયેધરી આપી છે.

મોરબીમાં ઝૂલતો પુર તૂટવાની ગોઝારી હોનારતમાં અંતે ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

કસૂરવારો સામે આઈપીસીની કલમ ૩૦૪, ૩૦૮ હેઠળ ગુનો નોંધાયો છે. પુલની દેખરેખ રાખીને ટિકિટો વેચીને કમાણી કરતી કંપની સામે અને તેના સંચાલકો સામે હાલ આ ગંભીર બેદરકારી બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. હર્ષ સંઘવીએ પોતાના ટ્વીટમાં જણાવ્યું છેકે, હોનારતની બેદરકારી માટે જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવશે. આ બેદરકારી દાખવનારા કસુરવારો સામે આઈપીસીની કલમ ૩૦૪ અને ૩૦૮ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સાંસદ મોહનભાઈ કુંડારીયાના અનેક સંબંધીના પણ દુર્ઘટનામાં મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું. ગોઝારી દુર્ઘટનામાં અનેક મોટા માથાની ધરપકડના ભણકારા સંભળાઈ રહ્યાં છે.

## રોબર્ટ વાડ્રાએ રાહુલ ગાંધીની વિચારસરણીને સાંઈ બાબા સાથે સરખાવી

શિરડી,તા.૩૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના સાળા અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાએ કહ્યું કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દેશમાં પરિવર્તન લાવશે કારણ કે હજારો લોકો તેમાં જોડાઈ રહ્યા છે અને તેમને ભવિષ્યની આશા તરીકે જોઈ રહ્યા છે. મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના શિરડી નગરના પ્રખ્યાત સાંઈ બાબા મંદિરમાં પ્રાર્થના કરવા આવેલા વાડ્રાએ એમ પણ કહ્યું કે રાહુલ ગાંધીની વિચારસરણી એક આધ્યાત્મિક નેતા (સાઈ બાબા) જેવી જ છે, જેમણે એકતાનો ઉપદેશ આપ્યો હતો, જો કે આ વિશે તેઓએ વિગતવાર જણાવ્યું નથી.ભારત જોડો યાત્રા પર રોબર્ટ વાડ્રાએ કહ્યું, રાહુલ ગાંધી ઘણી જગ્યાએ જઈ રહ્યા છે અને હજારો લોકોને મળી રહ્યા છે. લોકો મોટી સંખ્યામાં તેમની સાથે જોડાઈ રહ્યા છે. ભવિષ્યમાં પરિવર્તન આવશે કારણ કે રાહુલ ગાંધી લોકો માટે નવી આશા બનીને ઉભર્યા છે.તેમણે કહ્યું કે, સરકાર અમારી નિષ્ફળતાઓ વિશે વાત કરશે. તેઓ કોંગ્રેસની મજાક ઉડાવશે, પરંતુ રાહુલ, પ્રિયંકા (ગાંધી વાડ્રા) અટકશે નહીં. અમે લોકોની વચ્ચે છીએ અને તેમના માટે એક થઈને કામ કરીશું.તેમણે કહ્યું કે ગાંધી પરિવારને લોકો તરફથી અપાર પ્રેમ મળી રહ્યો છે અને કોંગ્રેસના નવા ચૂંટાયેલા અધ્યક્ષ (મલ્લિકાર્જુન ખડગે) લોકોની મદદ કરવાનો પ્રયાસ કરશે. જૂની પ્રતિષ્ઠિત પાર્ટી છોડવાનું વિચારનારાઓને ચેતવણી આપતાં તેમણે કહ્યું કે, જે છોડવા માંગે છે તેઓ ભલે જાય, પરંતુ જે લોકો રહેશે તેઓ સોનિયા ગાંધીના બલિદાન અને રાહુલ અને પ્રિયંકાના પ્રયાસોને સમજશે.

## છેલ્લા ૨૦ વર્ષમાં દેશ-દુનિયામાં થયેલી મોટી બ્રિજ દુર્ઘટનાઓમાં અનેક લોકો માર્યા ગયા છે

નવીદિલ્હી,તા.૩૧

ગુજરાતના મોરબીમાં ઝૂલતો પુલ પડવાને કારણે અત્યાર સુધી ૧૪૧થી વધુ લોકોના મોત થયા હતા. આ ઘટનાને કારણે સમગ્ર દેશમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંતુ મોરબી પહેલા પણ દેશ વિદેશમાં બ્રિજ દુર્ઘટનાઓ બની છે જેમાં અનેક લોકોના મોત નિપજયા છે અને સેકડો લોકો ઘાયલ થયા છે.

મોરબી (ભારત) : મોરબી (ગુજરાત)માં ૩૦ ઓકટોબર, ૨૦૨૨ ના રોજ ૧૪૦ વર્ષ જૂનો ઝૂલતો પુલ ધરાશાયી થતાં ૧૩૨થી વધુ લોકોના મોત થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોરબી બ્રિજ પર ૫૦૦ જેટલા લોકો એક મોટા ધાર્મિક તહેવાર માટે ધાર્મિક વિધિઓ કરી રહ્યા હતા. તે દરમિયાન આ દુર્ઘટના સર્જાઇ હતી.

મેક્સિકો (નોર્થ અમેરિકા) : મેક્સિકો સિટી મેટ્રો સિસ્ટમ પર ટ્રેકનો એક એલિવેટેડ સેક્શન મે ૨૦૨૨ માં તૂટી પડ્યો હતો અને પેસેન્જર ટ્રેન નીચે ખાબકી હતી, આ દુર્ઘટનામાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને અનેક ઘાયલ થયા હતા.

જેનોઆ (ઈટાલી) : મોરાન્ડી બ્રિજ, ફ્રાન્સ અને ઈટાલીને જોડતા મુખ્ય ધોરીમાર્ગનો ભાગ છે. આ ઈટાલિયન શહેર જેનોઆમાં આવેલો પુલ ધરાશાયી થયો હતો, જેમાં ૪૩ લોકોના મોત થયા છે. ઓગસ્ટ ૨૦૨૨ માં મુશળધાર વરસાદના કારણે આ દુર્ઘટના સર્જાઇ હતી. આ દુર્ઘટનામાં ડઝનેક વાહનો અને તેમાં સવાર મુસાફરો અસરગ્રસ્ત થયા હતા.

કોલકત્તા (ભારત) : માર્ચ મહિનામાં કોલકાતા શહેરમાં એક ફલાયઓવર ધરાશાયી થયો હતો. જેમાં ૨૬ લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં રેસ્કયુ ટીમ કોંક્રિટના



વિશાળ સ્લેબ અને ધાતુ હેઠળ ઘાયલ થયેલા લગભગ ૧૦૦ લોકોને બહાર કાઢ્યા હતા.

દાર્જિલિંગ (ભારત) : ઓકટોબરમાં દાર્જિલિંગના પહાડી વિસ્તારથી લગભગ ૨૦ માઈલ (૩૦ કિલોમીટર) દૂર ઉત્તરપૂર્વ ભારતમાં તહેવારો દરમિયાન ભીડથી ભરેલો પુલ તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ૩૨ લોકોના મોત થયા હતા.

અરુણાચલ પ્રદેશ (ભારત) : ઉત્તરપૂર્વીય રાજય અરુણાચલ પ્રદેશમાં આવેલી એક નદી પરનો ફૂટબ્રિજ તૂટી પડ્યો હોત. આ દુર્ઘટનામાં લગભગ ૩૦ લોકોનાં મોત થયાં હતા.

હુનાન (ચીન) : ઓગસ્ટ મહિનામાં ચીનમાં મધ્ય હુનાન પ્રાંતમાં એક નદી પુલ તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં પુલનું બાંધકામ કરી રહેલા ૬૪ મજૂરોના મોત થયા હતા.

ભેરી નદી (નોપાળ) : નેપાળમાં ડિસેમ્બર મહિનામાં દેશના પશ્ચિમ છેડે ધાર્મિક યાત્રાળુઓની ભીડથી ભરેલો પુલ તૂટી પડતાં ઓછામાં ઓછા ૧૬ લોકો માર્યા ગયા હતા અને ૨૫ લોકો ગુમ થયા હતા. આ દુર્ઘટના સમયે લગભગ ૪૦૦ લોકો રાજધાની કાઠમંડુથી પશ્ચિમમાં ૩૮૦ કિલોમીટર (૨૪૦ માઈલ) દૂર ભેરી નદી પરના ખાડા પરના પુલ પર હતા. આ દુર્ઘટનામાં ૧૦૦ જેટલા લોકો તરીને સલામત સ્થળે જવામાં સફળ રહ્યા હતા.

મર્દાન (પાકિસ્તાન) : પાકિસ્તાનમાં ઓગસ્ટ મહિનામાં દેશના ઉત્તરપશ્ચિમમાં આવેલા પેશાવરથી ૫૦ કિલોમીટર દૂર, મર્દાનમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે એક પુલ ઘરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં ૪૦ લોકોના મોત થયા હતા.

બિહાર (ભારત) : ભારતમાં ડિસેમ્બર મહિનામાં પૂર્વીય રાજય બિહારના રેલવે સ્ટેશનમાં ૧૫૦ વર્ષ જૂનો પુલ પેસેન્જર ટ્રેન પર તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં ૩૪ લોકોનાં મોત થયા હતા.

મુંબઇ (ભારત) : ભારતમાં ઓગસ્ટ મહિનામાં મુંબઈ નજીક નદી પર બાંધવામાં આવેલો એક પુલ ઘરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં ૧૯ બાળકો સહિત ૨૦ લોકોના મોત થયા હતા. આ પુલ સાથે એક સ્કૂલ બસ અને અન્ય ચાર વાહનો નદી ખાબક્યા હતા.

બોલિવિયા (સાઉથ અમેરિકા) : બોલિવિયામાં ડિસેમ્બરમાં પૂરને કારણે એક રોડ બ્રિજ ઘરાશાયી થયો હતો. આ દરમિયાન એક બસ તેને પાર કરી રહી હતી. આ દુર્ઘટનામાં ૨૯ લોકોના મોત થયા હતા.

## હું અહીં એકતા નગરમાં છુ પરંતુ મારુ મન મોરબીના પીડિતો પાસે છેઃ પીએમ મોદી

કેવડિયા,તા.૩૧

ગુજરાતમાં મોરબીના મચ્છુ નદી પર ઝુલતો પુલ તૂટી પડવાના કારણે બનેલી દૂર્ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમ દરમિયાન કહ્યુ કે હું અહીં એકતા નગરમાં છુ પરંતુ મારુ મન મોરબીના પીડિતો સાથે છે. દૂર્ઘટનામાં જે લોકોએ જીવ ગુમાવ્યા છે હું તેમના પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરુ છુ. સરકાર દરેક રીતે પીડિત પરિવારો સાથે છે. ગુજરાત સરકાર કાલ સાંજથી રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. કેન્દ્ર સરકાર પાસેથી ગુજરાત સરકારને દરેક શક્ય મદદ આપવામાં રહી છે. એનડીઆરએફ અને સેના તૈનાત છે.ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે લોકોને સંબોધતા પીએમ મોદીએ વધુમાં કહ્યુ કે આજે રાષ્ટ્રીય એકતા દિવસ આપણને દુઃખની આ ઘડીમાં એક થવા અને આપણી ફરજના માર્ગ પર રહેવાની સંવેદના આપી રહ્યો છે. હૉસ્પિટલમાં સતત સારવાર ચાલી રહી છે. અકસ્માતની જાણ થતાં જ સીએમ ભૂપેન્દ્ર પટેલ મોરબી પહોંચી ગયા હતા. તપાસ માટે કમિટીની રચના કરવામાં આવી છે. રાહત અને બચાવ કાર્યમાં કોઈ કમી આવવા દેવામાં આવશે નહિ. પીએમે કહ્યુ કે, એનડીઆરએફ, આર્મી અને એરફોર્સ રાહત અને બચાવ કાર્યમાં લાગેલા છે. લોકોની મુશ્કેલી ઓછી થાય તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અહીં સરદાર પટેલને નમન કર્યા અને તેમની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને પુષ્પ અર્પણ કર્યા હતાં અને કહ્યું હતું કે હું એક્તા નગરમાં છું, મારું મન મોરબીના પીડિતો સાથે જોડાયેલું છે. એક બાજુ કરુણાથી ભરેલું પીડિત હૃદય છે તો બીજી બાજુ કર્તવ્ય પથ છે. જે લોકોએ પોતાનું જીવન ગુમાવવું પડ્યું છે હું તેમના પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. સરકાર દરેક રીતે પીડિત પરિવારોની સાથે છે. ગુજરાત સરકાર ગઈ કાલ સાંજથી જ રાહત અને બચાવ કાર્યમાં લાગી છે. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને દરેક શક્ય મદદ થઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે ઘાયલોની સારવાર હોસ્પિટલોમાં સતત ચાલુ છે. અકસ્માતની જાણ થયા બાદ સીએમ ભૂપેન્દ્ર પટેલ તરત મોરબી પહોંચી ગયા હતા. તપાસ માટે એક કમિટી બનાવવામાં આવી છે. રાહત અને બચાવ કાર્યમાં કોઈ કમી આવવા નહીં દેવાય. આજે રાષ્ટ્રીય એક્તા દિવસ આપણને આ દુખની ઘડીમાં એકજૂથ થઈને પોતાના કર્તવ્ય પથ પર રહેવાની સંવેદના આપી રહ્યો છે. રાહત બચાવ કાર્યમાં દ્ગડ્ઢઇહ્લ, સેના અને વાયુસેના લાગેલા છે. લોકોને ઓછામાં ઓછી મુશ્કેલીઓ થાય તે પ્રાથમિકતા અપાઈ રહી છે. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૨૨માં રાષ્ટ્રીય એક્તા દિવસને બહુ વિશેષ અવસર તરીકે હું જોઈ રહ્યો છું. આ એ વર્ષ છે જયારે આપણે આઝાદીના ૭૫ વર્ષ પૂરા કર્યા છે. આપણે નવા સંકલ્પો સાથે આગળ વધી રહ્યા છીએ. જો ભારત પાસે સરકાર પટેલ જેવું નેતૃત્વ ન હોત તો શું થાત? જો ૫૫૦થી વધુ રજવાડા એકજૂથ ન થઈ શક્યા હોત તો શું થાત? આપણા મોટાભાગના રાજા રજવાડા ત્યાગની પરાકાષ્ઠા ન દેખાડત તો આજે આપણે જે ભારત જોઈ રહ્યા છીએ તેની આપણે કલ્પના પણ ન કરી શકત. આ કાર્ય સરદાર પટેલે જ સિદ્ધ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે ભૂતકાળની જેમ જ ભારતના ઉત્થાનથી પરેશાન થનારી તાકાતો આજે પણ હાજર છે. જાતિઓના નામે આપણને લડાવવા માટે ભાત ભાતના નરેટિવ બનાવવામાં આવે છે.

ઈતિહાસને પણ એવી રીતે રજૂ કરાય છે કે જેનાથી દેશ જોડાય નહીં અને દૂર ઈ જાય. અનેકવાર આ તાકાત ગુલામીની માનસિકતા તરીકે આપણી અંદર ઘર કરી જાય છે. અનેકવાર તે તૃષ્ટિકરણ તરીકે, ક્યારેક પરિવારવાદ તરીકે, ક્યારેક લાલચ અને ભ્રષ્ટાચાર તરીકે દરવાજા પર દસ્તક આપે છે.

## અમને જાણ કર્યા વગર પુલ ખુલ્લો મુકી દેવાયો હતો.

## ફિટનેસ સર્ટિફિકેટ વગર જ પુલ શરૂ કરી દીધો હતો

મોરબી,તા.૩૧

મોરબી માટે રવિવારનો દિવસ ફરી ગોઝારો બની ગયો છે. ૪૩ વર્ષ બાદ આજે ફરી એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. બનેલી ઘટનામાં પુલ તૂટી જતા અનેક લોકો મચ્છુ નદીમાં પટકાયા હતા. હાલ દરેકના મનમાં એક સવાલ ઉભો થાય છે કે મોરબીમાં ઝુલતો પુલ કેવી રીતે તૂટ્યો? આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, હાલ દિવાળીનો તહેવાર અને રવિવારની રજાઓ હોવાથી અનેક લોકો રજાઓ માણવા અહીં આવ્યા હતા. આ બ્રિજ પર આજે આશરે ૫૦૦થી વધુ લોકો સવાર હતા. ત્યારે બ્રિજ પર કેપેસિટી કરતા વધારે લોકો ભેગા થવાથી આ દુર્ઘટના સર્જાઈ હોય એમ લાગે છે. એક ગણતરી પ્રમાણે એક વ્યક્તિનું સરેરાશ ૬૦ કિલો વજન ધ્યાનમાં રાખીએ તો બ્રિજ પર જે-તે સમયે ૩૦ હજાર કિલો એટલે કે ૩૦ ટનથી વધુ વજન હોવાનું અનુમાન લગાવી શકાય છે.

પરંતુ વાસ્તાવિકતામાં પુલ મહત્તમ ૧૦૦ લોકોનું વજન ઝીલી શકે એટલી કેપેસિટી હોવાનું સરકારના જાણકાર અધિકારીઓ જણાવી રહ્યા છે. જેના કારણે બ્રિજ પર કેપિસિટી કરતા વધારે વજન થતાં બ્રિજના કટકા થઈ ગયા હતા.

મોરબી પાલિકાના ચીફ ઓફિસર સંદિપસિંહ ઝાલાનો મોટો ઘટસ્ફોટ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, અમને જાણ કર્યા વગર પુલ ખુલ્લો મુકી દેવાયો હતો. ફિટનેસ સર્ટિફિકેટ વગર જ પુલ શરૂ કરી દીધો હતો. મંજૂરી વગર જ દિવાળીના તહેવારોમાં પુલ શરૂ કરી દીધો હતો. આ બ્રિજનું મેઈન્ટેનન્સ કરી અને લોકોના મનોરંજન માટે ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. આ બ્રિજ જૂની ડિઝાઈનનો હતો.

મોરબીના આ ઝુલતા બ્રિજનું સંચાલન નગર પાલિકા કરે છે અને નગર પાલિકાનું સંચાલન શહેરી વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ત્યારે શહેરી વિકાસ મંત્રી વિનુ મોરડીયા કહી રહ્યાં છે કે, મને તો આ દુર્ઘટના વિશે કંઈ ખબર જ નથી. અમારા મંત્રી બ્રિજેશ મેરજા બધી કામગીરી સંભાળી રહ્યા છે તેમ છતાં બે દિવસ પછી આખીયે ઘટના અંગે માહિતી આપીશું.

## તંત્રી સ્થાનેથી...

# દેશની તમામ ચૂંટણીઓમાં ગુજરાત, રાજસ્થાન અને દિલ્હી મોડેલની ચર્ચા મોખરે!



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપે રાષ્ટ્રીય સ્તરે પોતાની છાપ રજૂ કરવામાં ગુજરાત મૉડલને પ્રોજેક્ટ કર્યું. પરંતુ પાછલા ઘણા સમયથી ભારતનાં વિવિધ રાજ્યો આવાં જ મૉડલ રજૂ કરીને એકબીજાથી જાણે સ્પર્ધા કરી રહ્યાં છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ તરફથી વારંવાર રાજસ્થાન મૉડલ આગળ કરાય છે. કેટલાક સમયથી કૉંગ્રેસ પણ રાજસ્થાન મૉડલને રજૂ કરીને મતદારોને આકર્ષવા પ્રયાસ કરતી જોવા મળી રહી છે. ગુજરાત કૉંગ્રેસના ઘણા નેતાઓ જુદી જુદી સભાઓમાં અવારનવાર રાજસ્થાન મૉડલની પ્રશંસા કરતા જોવા મળે છે. ગુજરાતમાં અશોક ગેહલોત અચૂકપણે કહેતા હોય છે કે રાજસ્થાન મૉડલ ગુજરાત મૉડલથી ચઢિયાતું છે અને ગુજરાતની સરકારે રાજસ્થાનની સરકારથી ઘણું શીખવાની જરૂર છે. આ પ્રચારનો ગુજરાતની ચૂંટણીમાં કોઈ લાભ થશે એમ કોંગ્રેસના નેતાઓ માનતા થઈ ગયા છે.

ગુજરાતમાં અનેક સભાઓમાં રાજસ્થાનના મુખ્ય મંત્રી અશોક ગેહલોત અવારનવાર રાજસ્થાનની કેટલીક જાહેર સુવિધાઓ અને યોજનાઓની પ્રશંસા કરતા જોવા મળે છે. ગુજરાતમાં કૉંગ્રેસની સરકાર બનશે તો 'રાજસ્થાન મૉડલ'ને ધ્યાને રાખીને તૈયાર કરાયેલી નવી યોજનાઓ સમાજના અનેક વર્ગો માટે શરૂ કરાશે તેવી જાહેરાતો પણ કૉંગ્રેસની સભામાં સામાન્ય બનતી જઈ રહી છે. રાજસ્થાન સરકારે તાજેતરમાં જ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના શરૂ કરી છે. જો ગુજરાતમાં પાર્ટીની જીત થાય તો અહીં પણ સરકારીકર્મીઓને લાભ કરતી આ યોજના લાગુ કરી શકાય છે, તેવી વાત કૉંગ્રેસના નેતાઓ કરી ચૂક્યા છે. આ સિવાય અનેક કર્મચારીઓને વધારાનું બોનસ અને ૩૦ હજાર જેટલા કૉન્ટ્રૅક્ટ પર કામ કરતા કર્મચારીઓને કાયમી કરવાનો નિર્ણય પણ રાજસ્થાન સરકાર દ્વારા લેવાયો છે. રાજસ્થાનની ચિરંજીવી યોજના એ 'સર્વશ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુરક્ષા માટેની યોજના' છે. જે અંતર્ગત અમુક રકમ વસૂલીને નાગરિકોને દસ લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમો આપવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં રાજસ્થાનની આ યોજનાનો ઉપયોગ પક્ષ દ્વારા મતદારોને વિચારતાં કરવા માટે કરાઈ રહ્યો છે. આ સિવાય શહેરી ગરીબોને પણ ૧૦૦ દિવસની રોજગારી ગૅરંટી માટેની રાજસ્થાન સરકારની પહેલ, મજૂરવર્ગના લોકો માટે આઠ રૂપિયામાં ઈંદિરા રસોઈની થાળીની યોજના વડે રાજસ્થાન સરકાર મધ્યમવર્ગ ઉપરાંત ગરીબોને પણ સુરક્ષા પૂરી પાડવાનો દાવો કરી રહી છે. રાજસ્થાનમાં સરકાર ગામેગામે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરવાની યોજના ચલાવી રહી છે, આ યોજનાને આગળ ધરીને ગુજરાત કૉંગ્રેસના નેતાઓ ગુજરાતનાં ગામોમાં પણ અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવાની વાત કરી રહ્યા છે.

બીજી કેટલીક રાજકીય ચર્ચાઓમાં ગુજરાતમાં એક સમયે મેડિકલ સુવિધા ખૂબ સસ્તી હોવાનું મનાતું હતું અને લોકો ત્યાં જતા હતા, હવે રાજસ્થાનમાં જ એટલી સારી અને સસ્તી સ્વાસ્થ્ય સેવાઓ થઈ ચૂકી છે અને કોઈને ગુજરાત જવું પડતું નથી. એક સમય હતો કે જ્યારે ગુજરાતથી રાજસ્થાન આવતા લોકો રાજસ્થાનના ખરાબ રસ્તાઓને કારણે ઊંઘમાંથી જાગી જતા હતા, પરંતુ હવે ઊંધું થઈ ગયું છે, હવે ગુજરાતના રસ્તા બિસમાર થઈ ગયા છે અને રાજસ્થાનના રસ્તા સારા થયા છે. ગુજરાતમાં ચૂંટણી આડે હવે થોડા દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે જે રીતે કેજરીવાલ પોતાના દિલ્હી મૉડલની વાત કરે છે, તે જ રીતે ગેહલોત રાજસ્થાન મૉડલની વાત કરી રહ્યા છે.

ડરૂં છું

તિમિરના તીખા પડછાયાથી ડરૂં છું,
તિમિરના મીઠા ઓછાયાથી ડરૂં છું.
જગત મિથ્યા ઘડીભર માની લઉં છું
ને બ્રહ્મ સત્ય એવી છાયાથી ડરૂં છું.
કંચન કાયામાં ઋષિમુનીઓ લપેટાયા,
વિશ્વમોહિનીની મોહમયી માયાથી ડરૂં છું.
જસોદાએ કાનુડાનું લાલનપાલન કર્યું,
વ્યવસાયિક કૃત્રિમ આયાથી ડરૂં છું .
સહોદર લીમડા જેવો હોવો જોઈએ,
સેકરીન જેવા ગળ્યા ભાયાથી ડરૂંછું

ભરત વૈષ્ણવ
૩૧.૧૦.૨૦૨૧.# કવિતા



ब्राह्मण हितों और सनातन संस्कृति के लिए सदैव समर्पित होकर सेवाभाव से कार्य करने वाले बड़े भाई हमारे सब के मार्ग दर्शन अंतरराष्ट्रीय ब्राह्मण महासंस्था के संस्थापक राष्ट्रीय अध्यक्ष श्री वशिष्ठ दुबे जी का सुबह हृदयगति रुक जाने के कारण असामयिक निधन हो गया है,,श्री दुबे जी के असामयिक निधन की सूचना से स्तब्ध हूं।

( श्री दुबे जी इस समूह में भी हम सबके साथ सम्मिलित थे। )

ईश्वर उन्हे अपने श्रीचरणों में स्थान दें।

ॐ शांति

# રાજુ રદી ડાળે વળગતો નથી તેમાં પણ વિદેશી હાથ છે???

" ગિરધરભાઇ. સાવ આવું કાંઇ હોય??" રાજુએ જેમ રસ્તા પર ચાલતી કાર નવજાત ભૂવામાં પલક ઝપકતાં ગરકાવ થાય તેમ આશ્ચર્યમાં ગરકાવ થઇ જઇને પૂછ્યું.

" રાજુ.નેપોલિયનને યાદ કર. નેપોલિયને શું કહ્યું છે" મેં રાજુને સવાલ કર્યો.

" ગિરધરભાઇ. નેપોલિયન કહ્યું છે કે નથીંગ ઇઝ ઇમ્પોસિબલ ઇન ધી વર્લ્ડ !!"

રાજુએ રેપિડેક્સ ઇંગ્લિશની બુકમાંથી આટલું જ કંઠસ્થ કરેલું. જે ખચકાયા-અચકાયા વિના સડસડાટ બોલી ગયો. ઇંગ્લિશ કડકડાટ સડસડાટ આમ બોલાય, બોસ!!રાજુએ એક સમાચારનું કટિંગ બતાવ્યું.

"રાજુ. આમાં કંઇ નવી વાત છે. આ તો આગુસે ચલી આતી હૈ!" મેં બાવા હિન્દીમાં પ્રતિભાવ આપ્યો.

ગિરધરભાઇ. છોલ છોલ ના કરો. સાવ આવું થોડું હોય?" રાજુના માન્યામાં આવતું ન હોય તેમ નકારમાં માથું ઘુમાવ્યું.

"જો રાજુ આ દેશ પર પહેલીથી વિદેશી તાકાત હાવી રહી છે. આપણે આર્યો પણ વિદેશી તાકાત હતા. ઓરિજનલી દ્રવિડ કે અનાર્ય મૂળ નિવાસી હતા. આર્યો પછી શક, હૂણ,ડચ,વલંદા, ફિરંગી, પોર્ટુગીઝો, અંગ્રેજો, પારસી,અફઘાની,લોદી, ગઝનવી, મોગલોએ આક્રમણ કર્યું. આપણે પરાસ્ત થયા. પછી બધાને દૂધમાં સાકર કે ખાંડની જેમ અથવા પાણીમાં નમક કે મીઠું ભળે તેમ ભળી ગયા!! " મેં રાજુને વિદેશી તાકાત વિશે માહિતગાર કર્યો.

" ગિરધરભાઇ.રાજા દશરથ ગાંધાર નરેશની રાજકુમારી કૈકેયીને પરણ્યા હતા.તેની સાથે દાયજામાં મંથરા આવી હતી. જે રામ ભગવાનને રાજ્યાભિષેકથી વંચિત રાખ્યા અને ચૌદ વરસના વનવાસ માટે કારણભૂત બની!!રાજા ધૃતરાષ્ટ્ર પણ ગાંધારીને પરણ્યા હતા, જે વિદેશી તાકાત હતી. જેના સાથે આવેલા શકુનિના કપટથી પાંડવો ધુતમાં રાજપાટ, ધનદૌલત, ઘરેણાગાઠા અને દ્રોપદ્રીને હાર્યા હતા, જે મહાભારતના યુધ્ધનું કારણ બનેલા.શીખ સંપ્રદાયના સ્થાપક ગુરૂ નાનકડી પણ વિદેશી તાકાત હતા જેણે કચ્છો, કિરપાણ, કડું, કંગી,કેશની ભેટ આપી. જગતને અહિંસા અને કરૂણાનો સંદેશ આપનાર ભગવાન બુધ્ધ પણ વિદેશી તાકાત હતા.માર્ગર્શક મંડળમાં સમાવિષ્ટ અને કાયમી પીએમ ઇન વેઇટિંગ એલ.કે.અડવાણી પણ વિદેશી તાકાત હતા!!" રાજુએ ઐતિહાસિક વિગતોનો દાબડો ખીલ્યો!!

" રાજુ. કોઇ પણ ઘટનાની જવાબદારી ખંખેરી નાંખવા માટે આ ઘટના પાછળ વિદેશી હાથ છે એમ કહી સવા મણ રૂની ( નવી પેઢીને મણના માપમાં ખબર પડશે નહીં. એમના માટે સવામણ= ૨૫ કિલો ગ્રામ!)તળાઇમાં સૂઇ જવાનું .કોઇ દેશી દારું પીને ગટરમાં ગબડી પડે તેમાં પણ વિદેશી હાથ હોય. ચોમાસામાં રોડ પર ભૂવા પડે તો પણ વિદેશી હાથ હોય.,છોકરો-છોકરી લો ગાર્ડોમાં ઇલુ ઇલુ કરે તેમને પણ વિદેશી હાથ હોય!!!કોઇને પેટમાં દુખે, ટ્રેઇન મોડી પડે, સાઇકલમાં પંકચર પડે, કોઇ અભિનેતાની રીલીઝ થયેલી ફિલ્મ પીટાઇ જાય,કોઇ ગામમાં પ્રાયમસની ઝાળ લાગવાથી પરિણીતાનું અવસાન થાય, પગથિયા ઉતરતા એક પગથિયું ચૂકી જાવ અને ગબડી પડો, કોઇને હાર્ટએટેક આવે તો આવી તમામ ઘટના પાછળ માત્ર અને માત્ર વિદેશી હાથ હોય, આજકાલ સ્વદેશી હાથ કયાં કોઇ કામના છે??"મેં રાજુને લાંબુલચ ભાષણ આપ્યું.

"ગિરધરભાઇ. મહિના પહેલાં પાકિસ્તાનના રણની ગરમીના કારણે ભારતમાં વરસાદમાંવિલંબ થયેલો. આમ, તો આજુબાજુના દેશો આર્થિક પાયમાલીના કગાર પર છે. તેમને એક સાંધો અને તેર તૂટે છે. એ એમની સમસ્યામાંથી નવરા પડે તો તેમના હાથ કે પગ આપણને અસ્થિર કરવા વાપરી શકે ને???"રાજુએ પડોશી દેશોની બેહાલી જણાવી.

" રાજુ દક્ષિણના સંશોધકે મોટી શોધ કરી નાંખી. તેમના મતે ઉત્તરાખંડ, કાશ્મીર અને તેલંગાણામાં વાદળો ફાટવા પાછળ વિદેશી હાથ કે તાકાત છે.રાજુ એમની વાતમાં તથ્ય છે. કેમ કે તેલંગાણા તો પાકિસ્તાન સરહદે વાઘા બોર્ડર પાસે છે!! વાદળોમાં સુતળી બોમ્બ ફોડે એટલે વાદળો ફાટે જ!!!" મેં નવી શોધ રાજુને જણાવી .આજકાલ મારી ટયુબલાઇટ ડીમ ચાલે છે. ચોક કે સ્ટાર્ટરની તકલીફ લાગે છે.

રાજુ રદી અને તેનો પરિવાર રાજુને ડાળે વળગાડવા મથે છે.પરંતુ, ક્યાંય મેળ પડતો નથી. મને આમાં પણ વિદેશી હાથ જ લાગે છે!!તમને શું લાગે છે???

ભરત વૈષ્ણવ
૩૧.૧૦.૨૦૨૧.#
હાસ્યલેખ

# અદ્ભૂત જાણકારી..

આપણામાંના ઘણા બધા લોકો સોમનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા માટે ગયા હોઈશુ, પરંતુ શું આ વિશે આપણામાંથી કોઈ જાણીએ છીએ?

શું તમે ૧૫૦૦ વર્ષ પુરાણા સોમનાથ મંદિરનાં પ્રાંગણમાં ઉભેલા બાણ સ્તંભની વિશેષતાઓ જાણો છો ? એમ પણ સોમનાથ મંદિરનો ઈતિહાસ બહુ જ વિલક્ષણ અને ગૌરવશાળી રહ્યો છે . ૧૨ જ્યોતિર્લિંગોમાં સૌથી પહેલું જ્યોતિર્લિંગ છે સોમનાથ, એક વૈભવશાળી સુંદર શિવલિંગ .... એટલું સમૃદ્ધ છે કે ઉત્તર પશ્ચિમથી અવવાવાળા પ્રત્યેક આક્રાન્તાની પહેલી નજર સોમનાથ પર જ પડતી હતી. અનેક વખત સોમનાથ મંદિર પર હુમલાઓ થયા અને એને લુંટવામાં આવ્યું !સોના,ચાંદી,હીરા, માણેક, મોતી આદિ ગાડીઓ ભરી ભરીને આક્રાંતાઓ પોતાની સાથે લઈ ગયા. આટલી બધી સંપત્તિ લુંટ્યા પછી પણ દર વખતે સોમનાથનું શિવાલય એજ વૈભવ સાથે ઉભું રહ્યું ! પરંતુ માત્ર આ વૈભવને કારણે જ સોમનાથનું મહત્વ નથી !!!

સોમનાથનું મંદિર ભારતના પશ્ચિમ સમુદ્ર તટ પર છે અને હજારો વર્ષોના જ્ઞાત ઈતિહાસમાં આ અરબી સમુદ્રે ક્યારેય પોતાની મર્યાદા નથી લાંઘી !! ના જાણે કેટલાંય આંધી - તોફાનો આવ્યાં, ચક્રવાત આવ્યા પરંતુ કોઈ પણ આંધી,તોફાન, ચક્રવાતથી મંદિરને કોઈ જ હાની નથી થઈ !!! આ મંદિરનાં પ્રાંગણમાં એક સ્તંભ (થાંભલો ) છે એ "બાણસ્તંભ" નામથી ઓળખાય છે. આ સ્તંભ ક્યારથી ત્યાં સ્થિત છે એ બતાવવું બહુ કઠીન છે. આશરે છઠ્ઠી શતાબ્દીમાં આ બાણસ્તંભનું ઈતિહાસમાં નામ આવે છે. પરંતુ એનો અર્થ એ નથી કે બાણ સ્તંભનું નિર્માણ છઠ્ઠી શતાબ્દીમાં જ થયું હોય !!! એનાથી સેંકડો વર્ષ પહેલાં આનું નિર્માણ થયું છે એવું માનવામાં આવે છે .

આ એક દિશાદર્શક સ્તંભ છે જેના પર સમુદ્રની તરફ ઈંગિત કરતું એક બાણ છે. આ બાણસ્તંભ પર લખ્યું છે - "આસમુદ્રાંત દક્ષિણ ધ્રુવ પર્યંત અબાધિત જ્યોતિરમાર્ગ" એનો અર્થ એમ થાય છે કે - " આ બિંદુથી દક્ષિણ ધ્રુવ સુધી સીધી રેખામાં એક પણ આવરોધ કે બાધા નથી આવતી " એટલે કે, "આ સમુચી દૂરીમાં જમીનનો એક પણ ટુકડો નથી ".

જ્યારે લોકો પહેલી વખત આ સ્તંભ વિષે વાંચે છે તો એમનું માથું ચકરાવામાં પડી જાય છે !!! આ જ્ઞાન આટલા વર્ષો પહેલાં ભારતીયોને હતું ? આ કેવી રીતે સંભવ છે ? અને કદાચ પણ સાચું છે તો કેટલાં સમૃદ્ધ જ્ઞાનની વૈશ્વિક ધરોહર આપણને સમજાવી હતી !!! સંસ્કૃતમાં લખેલી આ પંક્તિના અર્થમાં અનેક ગૂઢ અર્થ સમાહિત છે..... આ પંક્તિનો સરળ અર્થ એ છે કે , સોમનાથ મંદિરનાં બિંદુથી લઈને દક્ષિણધ્રુવ સુધી (અર્થાત એંટાર્ટિકા સુધી) એક સીધી રેખા ખેંચવામાં આવે તો વચમાં કોઈ પણ ભૂખંડ નથી આવતો....!!!

શું આ સાચું છે ? આજના આ તંત્ર વિજ્ઞાનના યુગમાં એ શોધવું સંભવ તો છે ,પણ છતાં એટલું આસાન તો નથી જ !!! ગુગલ મેપમાં જો શોધવામાં આવે તો ભૂખંડ નથી દેખાતો પણ નાના -નાના ભૂખંડોને જોવા માટે મેપને એન્લાર્જ કરવો પડે. ધીરજ રાખીને જુઓ તો એક પણ ભૂખંડ નથી જ આવતો અર્થાત પૂર્ણરૂપે એમ માનવું જ પડે કે આ શ્લોકમાં સત્યતા છે !!!

પરંતુ તો પણ મૂળ પ્રશ્ન જેમનો તેમ જ રહે છે . જો એવું માની લઇને પણ ચાલીએ કે સન ૬૦૦માં બાણસ્તંભનું નિર્માણ થયું હતું તો પણ એ જમાનામાં પૃથ્વીનો દક્ષિણ ધ્રુવ છે એ જ્ઞાન આપણી પાસે આવ્યું ક્યાંથી ? સારું ..... દક્ષિણ ધ્રુવ જ્ઞાત હતું એ માની પણ લઈએ તો સોમનાથ મંદિરથી છેક દક્ષિણ ધ્રુવ સુધી સીધી રેખામાં ભૂખંડ નથી આવતો એ મેપિંગ કર્યું કોણે? કેવી રીતે કર્યું?

બધું જ અદભૂત !!! આનો અર્થ એ થાય કે "બાણસ્તંભ"નાં નિર્માણકાળમાં ભારતીયોને પૃથ્વી ગોળ છે એનું જ્ઞાન હતું. એટલું જ નહીં પૃથ્વીનો દક્ષિણ ધ્રુવ છે (અર્થાત ઉત્તર ધ્રુવ પણ છે) એ પણ જ્ઞાન હતું !!!આ કેવી રીતે સંભવ બન્યું ? પૃથ્વીના "એરિયલ વ્યુ" માટે કયું સાધન ઉપલબ્ધ હતું ? અથવા પૃથ્વીનો વિકસિત નકશો બન્યો હતો ?

નકશા બનવવાનું એક શાસ્ત્ર હોય છે જેને અંગ્રેજીમાં "કાર્ટોગ્રાફી" (આ મૂળતઃ ફ્રેંચ શબ્દ છે)કહેવાય છે ! આ પ્રાચીન શાસ્ત્ર છે. ઈસુની પહેલાં ૬ થી ૮ હજાર વર્ષ પૂર્વેની ગુફાઓમાં આકાશના ગ્રહો અને તારાઓના નકશા મળ્યા હતા , પરંતુ પૃથ્વીનો પહેલો નકશો કોણે બનાવ્યો એના પર એકમત નથી !

આપણા ભારતીય જ્ઞાનનો કોઈ પુરાવો ન હોવાથી આ સન્માન "એનેકસિમેંડર" નામના ગ્રીક વૈજ્ઞાનિકને આપવામાં આવે છે. એમનો કાર્યકાળ ઈસવીસન પૂર્વે ૬૧૧ થી ૫૪૬ વર્ષ હતો પણ એમણે બનાવેલો નકશો અત્યંત પ્રાથમિક અવસ્થામાં હતો ! એ કાળમાં જ્યાં જ્યાં મનુષ્યના વસવાટનું જ્ઞાન હતું, બસ એટલો જ હિસ્સો નકશામાં દર્શાવવામાં આવતો હતો. એટલા માટે એ નકશામાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવ બતાવવાનું કોઈ કારણ હતું જ નહીં. આજની દુનિયાને વાસ્તવિક રૂપે નજીક લાવવાવાળો નકશો "હેનરિક્સ માર્ટેલસ"એ સાધારણતઃ સન ૧૪૯૦ની આસપાસ તૈયાર કર્યો હતો ! એવું માનવામાં આવે છે કે કોલંબસ અને વાસ્કોડિગામા એ આ નકશાના આધારે જ પોતાની સમુદ્રી સફર નક્કી કરી હતી !! " પૃથ્વી ગોળ છે " આ પ્રકારનો વિચાર યુરોપનાં કેટલાંક વૈજ્ઞાનિકોએ વ્યક્ત કર્યો હતો. "એનેકિસમેંડર" (ઈસવીસન પૂર્વે ૬૦૦ વર્ષ) એ પૃથ્વીને સિલિંડરનાં રૂપમાં માની હતી.





# વડોદરું લીલો ચેવડો જ નહીં, હવે વિમાન પણ બનાવશે!

ગરબા માટે વિશ્વભરમાં પ્રખ્યાત વડોદરા હવે એરબસ બનાવશે! દરેક ગુજરાતી માટે ગર્વ લેવા જેવી બાબત છે. વડોદરાની વિવિધતા તો જૂઓ, એ લીલો ચેવડો પણ બનાવે અને હવે વિમાન બનાવીને પણ ઉડાડશે. મેટ્રો ટ્રેનના કોચ, મોંઘી લકઝરી કાર પછી હવે એરબસ. અને આ બધું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કારણે. અત્યાર સુધી ફાર્મા હબ, ઈલેક્ટ્રિક હબ, ઓટો હબ, એજ્યુકેશન હબ, હવે ધીમે ધીમે આઈટી હબ પણ બની રહ્યું છે, આપણું વડોદરા. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫૦૦૦થી વધુ ઉધોગપતિઓ જેમાં ૧૦૦ દેશના ટોચના ઉદ્યોપતિઓની હાજરીમાં વડોદરાને એક નવી ઓળખ આપશે. આ વાત છે એરફોર્સના ઝ-૨૯૫ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની. આ એરક્રાફ્ટના મેન્યુફેક્ચરિંગનું નવું હબ હશે વડોદરા. પહેલીવાર આ એરક્રાફ્ટનું યુરોપ બહાર મેન્યુફેક્ચરિંગ થવા જઈ રહ્યું છે અને એ પણ સીધું વડોદરામાં!

C-295 ઍરબસ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરે, એટલે કે આજે દેશના આ પ્રથમ ઘરઆંગણે તૈયાર થનારા એરફોર્સના ઝ-૨૯૫ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. લગભગ ૨૨ હજાર કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ ગુજરાતના વડોદરાને મળતાં મહારાષ્ટ્રની ઓપોઝિશન પાર્ટી ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના પેટમાં તેલ રેડાયું છે. આદિત્ય ઠાકરેએ શિંદે-ફડણવીસ સરકારની ટીકા કરતાં એવું કહ્યું છે કે - ખોખલી સરકારે વધુ એક પ્રોજેક્ટ મહારાષ્ટ્ર બહાર શિફ્ટ કરી દીધો. હું જુલાઈ મહિનાથી સતત માગ કરી રહ્યો છું કે તાતા ઍરબસ પ્રોજેક્ટને મહારાષ્ટ્રની બહાર શિફ્ટ ન કરવો જોઈએ, પરંતુ ફરી એક વખત મોઢાનો કોળિયો ઝૂંટવી લેવાયો. ફોક્સકોન બાદ વધુ એક પ્રોજેક્ટ મહારાષ્ટ્રના બદલે ગુજરાતને મળ્યો છે. આદિત્ય ઠાકરેએ એવું પણ કહ્યું કે - ઉદ્યોગોનો ખોખલી સરકારમાંથી વિશ્વાસ ઊઠી ગયો છે.

આપણે અહીં આદિત્ય ઠાકરેને એવું યાદ અપાવવું જોઈએ કે - તેમની એટલે કે, શિવસેના, કોંગ્રેસ અને એનસીપીની સરકાર વખતે એવું શું નથી થયું, જેનાં કારણે મુંબઈમાં ફક્ત ઉદ્યોગપતિ જ નહીં, ફિલ્મસ્ટાર્સ, સેલિબ્રિટી, નેતાઓ, પોલીસ વિભાગ દરેક ક્ષેત્રે ભયાનક અસુરક્ષાનો માહોલ ઉભો થયો હતો. એક મોટા ગજાના ઉદ્યોગપતિએ તો થોડા મહિનાઓ માટે મુંબઈ સુદ્ધાં છોડી દીધું હતું! તમે જૂઓ સુશાંતસિંહ રાજપૂતની શંકાસ્પદ આત્મહત્યાના કેસમાં શું-શું ન થયું? એ પછી અનેક ટેલિવૂડ અને બોલિવૂડ સેલિબ્રિટીએ આત્મહત્યાઓ કરી લીધી છે! ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના વિશ્વના સૌથી મોંઘા ઘર એન્ટિલિયા સામેથી વિસ્ફોટકો ભરેલી કાર મળી હતી. આ કેસમાં મહારાષ્ટ્ર સરકારના પોલીસ અધિકારીઓની જ સંડોવણી બહાર આવી હતી. મુંબઈના પોલીસ કમિશનર અને તમારી સરકારના ગૃહમંત્રી વચ્ચે જ તડાફડી થઈ હતી. મામલો છેક કોર્ટમાં પહોંચ્યો હતો. પોલીસ કમિશનરે ફરાર થઈ જવું પડ્યું હતું અને સરકારમાં ચાલી રહેલો ભ્રષ્ટાચાર છાપરે ચડીને ગાજ્યો હતો.

આવા અનેક મુદ્દાઓ છે, જેનાં કારણે મુંબઈ ખ્યાતનામ હસ્તીઓ માટે જોખમી અને અસુરક્ષિત બની ગયું હતું. આ બધું શિવસેના અને ઉદ્ધવ ઠાકરેની સરકારમાં જ થયું હતું. અને પછી એવું કહેવામાં આવે કે, મહારાષ્ટ્રના મોટા પ્રોજેક્ટ ગુજરાતમાં શિફ્ટ થઈ રહ્યા છે, એ કેમ ચાલે?

રાજકારણને તડકે મૂકીએ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઑક્ટોબરે વડોદરામાં જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવાના છે એ ૨૧,૯૩૫ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ ખરેખર છે શું એ જાણીએ. વડોદરાનો દુનિયામાં ડંકો વાગવાનો છે. વડોદરામાં સ્થાપવા જઈ રહેલો ભારતીય વાયુસેના માટે કાર્ગો વિમાન બનાવવાનો આ પ્રોજેક્ટ પહેલો એવો પ્રોજેક્ટ છે જે યુરોપ બહાર સીધો વડોદરા પહોંચ્યો છે! સંરક્ષણ મંત્રાલયના સૂત્રો અનુસાર, વડોદરામાં સ્થાપનારા આ પ્રોજેક્ટ હેઠળ ૧૬ ભારતમાં નિર્મિત વિમાન વાયુદળને આપવામાં આવશે, જ્યારે ૪૦ વિમાન ભારતમાં તાતા દ્વારા નિર્મિત અને એસેમ્બલ કરવામાં આવશે. આ એક ખાનગી એરબસ મૅન્યુફૅક્ચરિંગ કંપની દ્વારા ભારતીય વાયુસેના માટે ભારતમાં વિમાન બનાવવાનો સૌપ્રથમ પ્રોજેક્ટ છે.

આ પ્રોજેક્ટ વડોદરામાં સ્થપાઈ રહ્યો હોવાથી ગુજરાતના આ શહેરને બંને રીતે ફાયદો થવાનો છે. એક તો આ પ્રોજેક્ટને કારણે સ્થાનિક કક્ષાએ પ્રોજેક્ટ સંબંધિત ઉદ્યોગોને આડકતરી રીતે બૂસ્ટ મળશે. આ ઉપરાંત સ્થાનિકોને રોજગારી મળશે. આ એટલો વિશાળ પ્રોજેક્ટ છે કે તેનાંથી ફક્ત વડોદરાને જ નહીં, ગુજરાતભરના નાના ઉદ્યોગોને વેગ મળશે.

આ ઉપરાંત વડોદરાને વિશ્વ ફલક પર હવે એક નવું સ્થાન મળશે. વડોદરા ફાર્મ હબ કહેવાય છે, વડોદરા ઓટો હબ પણ કહેવાય છે, વડોદરા ઈલેક્ટ્રિક હબ પણ છે. આ ઉપરાંત વડોદરામાં મેટ્રો ટ્રેનના કોચ પણ બને છે. હવે ૩૦ ઓક્ટોબરથી વડોદરાને એવિએશન મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રે એક નવી ઓળખ મળશે.

સંરક્ષણ મંત્રાલય અનુસાર, એરબસ પહેલા ૧૬ એરક્રાફ્ટ તૈયાર હાલતમાં સ્પેનની એસેમ્બલી લાઇનથી ભારત મોકલશે. આ ૧૬ એરક્રાફ્ટ આગામી ૪ વર્ષમાં તબક્કાવાર મળશે અને બાકીના ૪૦ એરક્રાફ્ટનું ઉત્પાદન તાતા એડવાન્સ સિસ્ટમ્સ દ્વારા એરબસ સાથે મળીને વડોદરામાં કરવામાં આવશે. જણાવી દઈએ કે હ્મ્ઝ્રછએ ગયા અઠવાડિયે જ આ સમગ્ર પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. મતલબ કે, ૧૬ વિમાન સપ્ટેમ્બર ૨૦૨૩થી ઑગસ્ટ ૨૦૨૫ સુધી મળી જશે, જ્યારે ભારતમાં પ્રથમ મૅન્યુફૅક્ચરિંગ વિમાન સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ઉપલબ્ધ થશે.

હવે એ સમજીએ કે વડોદરામાં નિર્માણ થનારા વિમાન કેવા હશે? વડોદરાની ફેક્ટરીમાં C-295 MW વિમાન બનવાના છે. સંરક્ષણ મંત્રાલય અનુસાર, C-295 MW એક કાર્ગો વિમાન છે. તેની કાર્ગો લઈ જવાની ક્ષમતા ૫થી ૧૦ ટન છે. C-295 MW વિમાન આપણી વાયુસેનામાં અગાઉથી કાર્યરત જૂનાં AVRO વિમાનની જગ્યા લેશે. કાર્ગો હોવાથી આ વિમાનમાં પાછળ એક દરવાજો હશે, જેનો ઉપયોગ પૅરાટ્રુપર્સ (સૈનિકો) અને સામાનને દરિયાઈ માર્ગે ઉતારવા માટે કરવામાં આવશે.

આ વિમાનો વિવિધ મોર્ચે ઉપયોગી છે, પછી એ દરિયો હોય, જંગલ હોય, રણ હોય કે પહાડ. વડોદરામાં બનનારા આ એરક્રાફ્ટને અનેક પ્રકારોમાં રૂપાંતરિત કરી શકાય છે, જેમ કે, વોટર બોમ્બર, એર ટેક્કર (એર-ટુ-એર રિફ્યુઅલિંગ માટે), VIPના પરિવહન અને તબીબી ઈમર્જન્સીમાં સ્થળાંતરનો પણ સમાવેશ થાય છે. વિસ્તારથી સમજીએ તો, આ ઍરબસનો ઉપયોગ હવામાં ઉડતા રડાર તરીકે પણ કરી શકાશે. આ વિમાનો જંગલની આગ સામે લડવા માટે પણ સક્ષમ છે, જે એક વૉટર બૉમ્બરનું કામ કરશે.

આટલું જ નહીં, તે દરિયામાં કોઈ રેસ્ક્યૂ કે પછી યુદ્ધ વખતે લાંબા સમય માટે ઉપયોગી પૂરવાર થઈ શકશે. હવાથી હવામાં ઈંધણ ભરવું માટે તે રિમૂવેબલ રિફ્યૂલિંગ કિટ ધરાવે છે. જેનાથી ૬૦૦૦ કિલોગ્રામ જેટલું ઈંધણ બદલી શકાય છે. મેડિકલ ઈમર્જન્સીમાં પણ તે ઉપયોગી નીવડે છે. તેમાં ૨૪ સ્ટ્રેચર અને સાત મેડિકલ એટેન્ડન્ટની ક્ષમતા છે. આ ઉપરાંત ઍરબોર્ન અર્લી વૉર્નિંગ માટે પણ સી-૨૯૫ સૌ ઉપયોગી છે, તે ૩૬૦ ડિગ્રી હવાઈ વિસ્તારની આખી તસવીર આપે છે. આ એરક્રાફ્ટની સૌથી મોટો ખાસિયત તેનો ટૂંકો રન-વે છે! મતલબ કે, C-295 ટૂંકા ટેક-ઓફ અને લેન્ડિંગ સુવિધા ધરાવે છે. મજબૂત લેન્ડિંગ ગિયર સાથે જોડાયેલી આ સુવિધા એરક્રાફ્ટને ટેક-ઓફ અને લેન્ડિંગ માટે સૌથી ખરાબ પરિસ્થિતિઓમાં કડક જમીન પર ચલાવવા માટે સક્ષમ બનાવે છે. મતલબ કે, સાવ ટૂંકી જગ્યા ઉપરાંત દિવસે કે રાત્રે, અને ખરાબ હવામાનમાં પણ તે લેન્ડિંગ અને ટેકઓફ કરી શકશે.

અગાઉ કહ્યું તેમ રોજગારીની અનેક તક આ પ્રોજેક્ટથી ઉભી થશે. જેમ કે, સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ તાતા-ઍરબસ પ્રોજેક્ટમાં વિમાનના ટુલ્સ, જિગ્સ અને ટેસ્ટર સહિત ૧૩,૪૦૦થી વધુ પાર્ટ્સ તથા ૪૬૦૦થી વધુ સબ એસેમ્બ્લી અને ૭ મેજર કમ્પોનેન્ટ એસેમ્બ્લી ભારતમાં જ બનશે. જ્યારે એન્જિન, લેન્ડિંગ ગિયર, એવિયોનિક્સ, ઈઉ સૂટ જેવા પાર્ટ્સ એરબસ તૈયાર કરીને આપશે. પરિણામે સરકારનો દાવો છે કે, આ પ્રોજેક્ટથી મોટી સંખ્યામાં નોકરીઓ જનરેટ થશે. સંરક્ષણ મંત્રાલય અનુસાર, તાતાએ આ પ્રોજેક્ટ માટે સાત રાજ્યોમાં ૧૨૫ નાની કંપનીઓ સાથે ગોઠવણ કરી છે. જેની પાસે વિમાન માટે વિવિધ પ્રકારના સ્પેર પાર્ટ્સ લેવામાં આવશે. આ પ્રોજેક્ટ ૫૦૦થી ૭૦૦ આ ક્ષેત્રના વિવિધ એક્સપર્ટસને સીધી રોજગારી આપશે, જ્યારે પરોક્ષ રીતે ૩૦૦૦થી વધુ નોકરીઓ ઉભી થશે. લગભગ ૨૫૦થી વધુ ઍન્જિનિયર્સને આ પ્રોજેક્ટ માટે સ્પેનની ઍરબસ ફેક્ટરીમાં ટ્રેનિંગ આપવામાં આવશે.

ટૂંકમાં સાર એટલો જ છે કે - ગરબા માટે વિશ્વભરમાં પ્રખ્યાત વડોદરા હવે એરબસ બનાવશે! દરેક ગુજરાતી માટે ગર્વ લેવા જેવી બાબત છે. વડોદરાની વિવિધતા તો જૂઓ, એ લીલો ચેવડો પણ બનાવે અને હવે વિમાન બનાવીને પણ ઉડાડશે. મેટ્રો ટ્રેનના કોચ, મોંઘી લકઝરી કાર પછી હવે એરબસ. અત્યાર સુધી ફાર્મા હબ, ઈલેક્ટ્રિક હબ, ઓટો હબ, એજ્યુકેશન હબ, ધીમે ધીમે આઈટી હબ પણ બની રહ્યું છે, આપણું વડોદરા. હવે એરક્રાફ્ટના મેન્યુફેક્ચરિંગનું નવું હબ હશે વડોદરા. પહેલીવાર આ એરક્રાફ્ટનું યુરોપ બહાર મેન્યુફેક્ચરિંગ થવા જઈ રહ્યું છે અને એ પણ સીધું વડોદરામાં!

# ગિરનારની લીલી પરિક્રમા ની વાતો

કારતક સુદ અગિયારસથી શરૂ થતી ગિરનારની લીલી પરિક્રમા અંગે ની આ પોસ્ટ છે.

ગિરનાર ની લીલી પરિક્રમા લોકો કેમ કરે છે તે વિશે આશરે ૨૪૦૦૦ વર્ષો પહેલાં એક વાર્તા છે.

લગભગ ૩૦૦૦૦ વર્ષ પહેલાં, પૃથ્વી પર પૃથ્વીની ગતિ પ્રતિ કલાક ૨૫૦૦૦ કિ.મી. હતી,

દક્ષિણ ભારતીય સાહિત્યમાં ઉલ્લેખ છે કે તેમાં પર્વત ને પાંખો હતી.

બ્રહ્મા ભગવાન પૃથ્વીની યોજના કરતી વખતે તેઓએ પર્વત ની પાંખો કાપી નાખી જેથી પવનની ગતિ પ્રતિ કલાક ૨૦ થી ૧૦૦ કિ.મી. થઈ ગઈ.

તેની બહેનનાં લગ્ન મા હિમાલય જવા માટે ગિરનાર દરિયાની બહાર નીકળ્યો અને સમુદ્રથી માત્ર ૫૦ કિ.મી. દૂર જમીન પર સ્થિર થયો.

ગિરનાર ને હિમાલય જવા માટે કોઈ શક્ય ન થયું તેથી આગામી ત્રિપુરી પૂર્ણિમા પર માતા પાર્વતી ભગવાન શિવ સાથે ગિરનાર આવ્યા શિવ પાર્વતીના લગ્નમાં સર્વ ભગવાન રૂષિ મુનિ, નવગ્રહ અષ્ટ સિદ્ધિ નવનીધી ૫૨ વીર ૬૪ દેવી ૧૧ જળદેવતા, નવનાગ, અષ્ટ વસુ, કુબેર ભંડારી તે બધા શિવ પાર્વતી સાથે ૪ દિવસ ગિરનાર ની પરિક્રમા મા કરી,પાર્વતી જી ના કહેવાથી જ ભગવાન શંકરે અહીંયા સાસણ ગીર માં અને ગિરનાર નાં જંગલ માં સાવજ ( સિંહ ) ને રાખ્યા છે કારણકે સિંહ પાર્વતી જી માતા નું વાહન છે.

તે સમય દરમિયાન બધા દેવતાઓ ગિરનારના જંગલમાં રહ્યા હતા અને ત્યાર થી આજે પણ કાર્તિક એકાદશી થી કાર્તિક પૂર્ણિમા સુધી તમામ દેવી-દેવતાઓ ગિરનાર પર્વત ના જંગલ ના માર્ગમાં રોકાણા હતા.

અસલ તો એનો હેલ્થ જાળવવા ગિરનારના જંગલની લીલોતરી વચ્ચે પદયાત્રા નો જ હશે. પ્રાકૃતિક સંપદાથી માણસ પરિચિત રહી એનું સંવર્ધન કરી જીવન ભર્યું ભાદર્યું બનાવે એ જ હશે.

પણ આજકાલ પ્લાસ્ટિકનો બેફામ દુરુપયોગ કરી અને વધુ પડતા માણસોનો ધસારો એના મૂળ હેતુઓ થી વિપરીત પ્રકૃતિને નુકસાન કર્તા બને છે. ઉપરાંત હું જોઈ રહ્યો છું થોડા વરસથી કે નિર્ધારિત દિવસથી ૪ દિવસ અગાઉ જ લોકો ધસી આવે ને અવ્યવસ્થા ઉભી થઇ જાય.

ગીરનાર પર્વતનો રોચક ઈતિહાસ :

તમે નહિ જાણતા હોય એવી ગીરનાર પર્વતની કેટલીક અજાણી વાતો.

ગિરનાર પર્વત ગુજરાતનાં જૂનાગઢ શહેરથી પાંચ કિલોમીટર ઉતરે આવેલ પર્વતોનો સમુહ છે. જયાં સિધ્ધ ચોરાસીનાં બેસણાં છે. આ ગિરનાર પર્વતમાં કુલ પાંચ ઉંચા શિખરો આવેલા છે.

જેમાં ગોરખ શિખર ૩૬૦૦, અંબાજી ૩૩૦૦, ગૌમુખી શિખર ૩૧૨૦, જૈન મંદિર શિખર ૩૩૦૦ અને માળીપરબ ૧૮૦૦ ફુટની ઉંચાઈઓ ધરાવે છે. જેથી ગિરનાર પર્વત ગુજરાતનો પણ ઉંચામાં ઉંચો પર્વત છે.

ગિરનારના પાંચ પર્વતો પર કુલ થઇને ૮૬૬ મંદિરો આવેલા છે. પત્થરોનાં બનાવેલ દાદરા અને રસ્તો એક ટોચ પરથી બીજી ટોચ પર લઇ જાય છે. લોકમાન્યતા મુજબ ગિરનારના કુલ ૯,૯૯૯ પગથિયા છે. આજના આર્ટિકલ માં આપણે ગિરનારની પરિક્રમા અને તેના મહત્વ વિશે વધુ જાણીશું.

સૌ પ્રથમ આવતા ભવનાથ મંદિરમાં શિવની પુજા થાય છે. અહીં 'નાગા બાવા'ઓ શિવરાત્રી ઉજવવા આવે છે. ૪,૦૦૦ પગથિયા ઉપર પહોંચ્યા પછી પ્રથમ શિખરે પહોંચવા માટે ૮૦૦ પગથિયા બાકી રહે છે, ત્યારે આવતા સપાટ વિસ્તારમાં જૈન મંદિર પરિસર છે.

૧૨થી ૧૬મી સદી વચ્ચે બંધાયેલા આ મંદિરોમાં એક જગ્યા એવી છે, જયાં ૭૦૦ વર્ષના તપ પછી જૈન ધર્મના ૨૨મા તીર્થંકર નેમીનાથ કાળધર્મ પામ્યા હતા. બીજા ૨૦૦૦ પગથિયા પછી અંબા માતાનું મંદિર આવે છે.હિન્દુઓ, જૈનો તેના દર્શને આવે છે અને નવપરિણિત દંપતિઓ આશીર્વાદ લેવા આવે છે.

છેલ્લા ૨૦૦૦ પગથિયાં માં ડર લાગેછે, પરંતુ શિખર પરથી ભવ્ય દ્રશ્ય જોવા માટે મળે છે. પછી પથરીલો પ્રવાસ ચાલુ રહે છે, ૧૦૦ પગથિયાં નીચે ઉતરીને ૧૦૦ પગથિયાં ચડતાં બીજું શિખર આવે છે. છેલ્લે કાળકા માતાનું મંદિર આવે છે, જ્યાં અઘોરી બાવા તેમના શરીરે સ્મશાનની ભભૂતિ લગાવે છે.

ગિરનારએ જ્વાળામુખી દવારા બનેલો પર્વત છે. જેના ઉપર સિધ્ધચોરાસી સંતો નાં બેસણા છે. સંતો-શુરાઓ- સાવજ ની આ ભૂમિ અને સતીઓની આ પવિત્ર ભુમિ છે, કે જેના કણ કણમાં આદિ કવિ નરસિંહ મહેતા,સાહિત્યકારો, કવિઓ અને જગવિખ્યાત ગિરના સાવજ (સિંહ) જગ પ્રસિધ્ધ છે.આવી આ ધરતી પર ઘણા વર્ષોથી યોજાતી પરિક્રમા દર વર્ષે યોજાય છે. જેને લોકોની ભાષામાં લીલી પરિક્રમા કહેવાય છે. ગરવા ગિરનારની ફરતે યોજાતી આ ૩૬ કી.મી. ની ચાર દિવસ પરિક્રમામાં જુદાજુદા સ્થળોએથીલોકો આવે છે.

આ પરિક્રમા કારતક સુદ અગીયારસ ( દિવાળી) થી ચાલુ થાય છે અને પૂનમને દિવસે એટલે કે દેવ દિવાળીનાં દિવસે પુર્ણ થાય છે. આ પરિક્રમા કેટલા સમયથી શરૂ છે, એની કોઈ પાક્કી માહિતી નથી પરંતુ અગાઉના સમયમાં ફકત સાધુ-સંતો જ કોઈ પણ જાતનાં સરસામાન લીધા વિના કરતા હતા અને તે દરમિયાન ભજન ભકિત થતી હતી.

ત્યાર બાદ સમય બદલાતા, આ પરીક્રમા સંસારી માણસો પણ કરવા લાગ્યા જેમાં ભોજન પ્રસાદ થવા લાગ્યો અને સામાજીક સંસ્થાઓ દ્વારા અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે. ગિરનારની આ પરિક્રમા ખૂબ પ્રચલીત છે.

આ પરિક્રમાનું મહત્વ ખાસતો એટલા માટે વધી જાય છે, કારણકે ગિરનાર માં એક સાથે અલગ અલગ પ્રાંત, રીતરીવાજ અને પહેરવેશનાં લોકોની સંસ્કુતિને જાણવાનો મોકો મળે છે.

શહેરની તમામ સુખ સુવિધાથી , તમામ તણાવથી દુર પ્રકુતિનાં ખોળે અને જંગલની હરિયાળી વચ્ચે વહેતા ઝરણાઓની સાથે , કલરવ કરતા પક્ષીઓ સાથે પ્રકુતિના ખોળામાં જીવનની ભાગદોડથી રાહત મેળવવા તેમજ તમામ પ્રકારનાં દુ:ખ ભુલીને આવનાર સમયમાં સત્યને પામવા માટે આ પગપાળા પરિક્રમા યોજાય છે.

તે દરમિયાન કેડીઓ, ધુળીયા રસ્તાઓ, ડુંગરો, નાના મોટા ઝરણાઓ, ખીલેલી વનરાઈ અને કુદરતી સૌંદર્ય જે કાશ્મીરની વાદીઓને યાદ કરાવે છે. જે યાત્રિકોને મંત્રમુગ્ધ કરે છે અને આશરે ૩૬ કી.મી.નો પગપાળા રસ્તો કયારે પુર્ણ થઈ જાય છે અને થાક પણ કયાં ગાયબ થઈ જાય છે તે ખબર પડતી નથી.

યાત્રાનાં છેલ્લા દિવસે એટલેકે કારતક સુદ પૂનમે દેવ દિવાળીએ




બધા યાત્રિકો ભવનાથ તરફ વળે છે. આમ આ યાત્રાનાં ઘણા યાત્રિકો ગિરનાર ચડે છે. અને ત્યાં બિરાજમાન બધા દેવસ્થાનોનાં દર્શન કરે છે. તે સિવાયનાં યાત્રિકો ભવનાથ મહાદેવનાં દર્શન કરીને ત્યાંથી દામોદર કુંડમાં સ્નાન કરીને આ યાત્રા પુર્ણ કરે છે.

આમ આ કારતક સુદ અગીયારસથી શરૂ થતી યાત્રા દેવ દિવાળીએ શારિરીક ક્ષમતાની કસોટીરૂપ પરિક્રમા પુરી થાય છે.

૧૫મી સદીના કવિ નરસિંહ મહેતા દામોદર કુંડમાં સ્નાન કરતા હતા અને તેમના મોટા ભાગના પ્રભાતિયાં તેમણે અહીં રચ્યા હોવાનું મનાય છે. પાંચ શિખરો પર આવેલા મંદિરોને જોડતાં પથરીલા માર્ગ પર આગળ વધતાં હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયના અસંખ્ય મંદિરો જોવા મળે છે.

તમામ ધર્મોના સ્થપત્યો અહીં જોવા મળે છે. મને તો ગિરનાર એટલે સર્વ ધર્મના મિલન ની જગ્યા જ લાગે.જીવનમાં એકવાર ગિરનારના દર્શન અવશ્ય કરજો.અને આવનારી પેઢીને આપણાં અતુલ્ય વારસા થી માહિતગાર કરજો.

નમીએ ગિરનાર, તુને વંદીએ ગિરનાર :

ગીરનાર ની પરિક્રમા ?

ગિરનારએ અગ્નિકૃત પર્વત છે.

જેના ઉપર સિધ્ધચોરાસી સંતોનાં બેસણા છે. સંતો-શુરાઓ અને સાવજો ની અને સતીઓની આ પાવનકારી ભુમિ છે, કે જેના કણ કણમાં આદિ કવિ નરસિંહ મહેતા,સાહિત્યકારો, કવિઓ અને જગવિખ્યાત ગિરના સાવજની જગપ્રસિધ્ધીની મહેક પ્રસરી રહી છે.

આવી આ ધરતી માથે ઘણા વર્ષોથી યોજાતી પરિક્રમા દર વર્ષે યોજાય છે. જેને લોકભાષામાં પરકમ્મા અને લીલી પરકમ્મા પણ કહેવાય છે.

ગરવા ગિરનારની ફરતે યોજાતી આ ૩૬ કી.મી. ની ચાર દિવસ પરિક્રમામાં જુદા જુદા સ્થળોએથી ભકતો આવે છે.

આ પરિક્રમા કારતક સુદ અગીયારસે ચાલુ થાય છે અને પૂનમને દિવસે એટલે કે દેવ દિવાળીનાં દિવસે પુર્ણ થાય છે. આ પરિક્રમા કેટલા સમયથી શરૂ થઈ તેનો પાકો સમય મળતો નથી પરંતુ અગાઉના સમયમાં ફકત સાધુ-સંતોજ કોઈ પણ જાતનાં સરસામાન લીધા વિના કરતા હતા અને તે દરમિયાન ભજન ભકિત થતી હતી. ત્યાર બાદ સમય બદલાતા, આ પરીક્રમા સંસારી માણસો પણ કરવા લાગ્યા જેમાં ભોજન પ્રસાદ થવા લાગ્યો અને સામાજીક સંસ્થાઓ દ્વારા અન્નક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે. ગિરનારની આ પરિક્રમા સ્વયંભુ છે.

આ પરિક્રમાનું મહત્વ ખાસતો એટલા માટે વધી જાય છે, કારણકે આવા ધાર્મિક સ્થળે એક સાથે અલગ અલગ પ્રાંત, રીતરીવાજ અને પહેરવેશનાં લોકોની સંસ્કુતિને જાણવાનો મોકો મળે છે. શહેરની તમામ સુખ સુવિધાથી દુર પ્રકુતિનાં ખોળે અને જંગલના ઘટાટોપ વનરાઈની વચ્ચે ખળખળ વહેતા ઝરણાઓની સંગાથે સુમધુર કરતા પક્ષીઓનાં કલરવ સાથે પ્રકુતિની ગોદમાં જીવનનાં ત્રિવિધ તાપથી રાહત મેળવવા તેમજ તમામ પ્રકારનાં દુ:ખ ભુલીને આવનાર સમયમાં બને તેટલું યથા શક્તિ પુણ્યનું ભાથુ બાંધવા માટે પરમ સત્યને પામવા માટે આ પગપાળા પરિક્રમા યોજાય છે.

તે દરમિયાન કેડીઓ, ધુળીયા રસ્તાઓ, ડુંગરો, નાના મોટા ઝરણાઓ, સોળેકળાએ ખીલેલી વનરાઈ અને કુદરતી સૌંદર્ય જે કાશ્મીરની વાદીઓને યાદ કરાવે છે. જે યાત્રિકોને મંત્રમુગ્ધ કરે છે અને આશરે ૩૬ કી.મી.નો પગપાળા રસ્તો કયારે પુર્ણ થઈ જાય છે અને થાક પણ કયાં ગાયબ થઈ જાય છે તે ખબર પડતી નથી.

પરિક્રમાનાં સ્થળ ?

જૂનાગઢ શહેરથી ૫ કી.મી. દુર ગરવા ગિરનારની ગોદમાં કારતક સુદ અગીયારસે સવારથી જ ભવનાથ તળેટીમાં યાત્રિકો ભેગા થઈ જાય છે. તેજ દિવસે મધરાતે રૂપાયતનથી સંતો-મહંતો, જિલ્લા વહીવટી અધિકારીઓ અને અનેક અગ્રણીઓ સાથે અસંખ્ય ભક્તોની હાજરીમાં દિપ પ્રગટાવીને બંધુકનાં ભડાકા સાથે પરિક્રમાનો પ્રારંભ થાય છે.

બીજા દિવસે આ કામણગારી ધરાને ખુંદતા પ્રકુતિને નિહાળતા અને આનંદ પ્રમોદ કરતા પગપાળા પંથ કાપતા જાય છે. દિવસ દરમિયાનનો થાક પ્રથમ દિવસે થોડો ઓછો લાગે છે. અને બપોરનાં ભોજન માટે બધા યાત્રિકો પોતપોતાની રીતે જમવાનુ બનાવીને તૃપ્ત થાય છે. આમ બીજા દિવસે રાત્રિ રોકાણ જીણાબાવાની મઢીએ થાય છે. યાત્રિકો માટે આ પ્રથમ વિસામો છે. અહીં શરૂઆતમાં વડલીવાલા માતાજીની જગ્યા આવેલી છે. તે પછી જીણાબાવાની મઢી આવે છે. અહીં નવાબી કાળમાં જીણાબાવા નામનાં સંત ધુણી ધખાવીને રહેતા હતાં.

જેના નામ ઉપરથી આ સ્થળનું નામ પડયુ છે. પહેલા તો અહીં એક ઝુંપડી જ હતી. આજે તો અહીં ભગવાન શિવનું મંદિર અને જીણાબાવાનો ધુણો પણ આવેલો છે. આડે દિવસે કોઈ પણ માણસ જોવા ન મળે ત્યાં લાખો માણસો સાથે રાત્રિ રોકાણ કરે છે. આ દરમિયાન ઘણીબધી સામાજીક સંસ્થાઓ દ્વારા અન્નક્ષેત્ર ચાલે છે. આમ તેરસનાં દિવસે ભગવાન સુર્યનારાયણનાં પ્રથમ કિરણો ધરતી ઉપર પડતાની સાથે જ બધા ચાલવાનું શરૂ કરે છે.

ત્રીજા દિવસે સવારથી જ નવી તાજગી સાથે યાત્રિકો જય ગિરનારી, જય ભોલેનાથ, હર હર મહાદેવ, જય ગુરૂદત જેવા નારા લગાવતા લગાવતા આગળ વધે છે. બપોરનો સમય થતા યાત્રિકો સાથે લાવેલો નાસ્તો કરે છે અથવા તો રસોઈ બનાવે છે. અને સાંજ પડતા જ જંગલનાં ગીચ ઝાડી હોવા છતાં ગમે ત્યાં જગ્યા મેળવીને પડાવ નાખે છે. આમ ત્રીજા દિવસનું રાત્રિ રોકાણ માળવેલા થાય છે. આ સ્થળ ગિરનારનાં જંગલનાં મધ્યમાં આવેલુ અતિ રમણીય છે.

અહીં ખૂબજ ઉંચી વેલો થાય છે. જયાં દિવસનાં સુર્યના કિરણો પણ પહોંચી શકતા નથી અને તેથીજ તેનુ નામ માળવેલા પડયું છે. જયાં પણ રાત્રે ભજનીકો દ્વારા ભજન અને રાસમંડળીની જમાવટ થાય છે. આમ યાત્રિકો પોતાનો થાક ભક્તિમય અને કુદરતી સૌંદર્યથી ભરપુર જગ્યાએ ઉતારે છે. આમ ચૌદશની સવારે બધા ત્યાંથી ચાલવાનું શરૂ કરે છે.

ચોથા દિવસે સવારે યાત્રિકોની વણજાર માળવેલાથી નીકળીને ગિરનારની પુર્વમાં થઈને દક્ષિણ તરફ વળે છે. અને ધીરે ધીરે ચાલતા વિસામો લેતા આગળ વધે છે. આ દિવસે યાત્રા અંતિમ ચરણ હોવાથી શારિરીક રીતે અશક્ત વૃધ્ધ યાત્રિકો વિસામો લેતા લેતા ધીમે ધીમે આગળ વધતા હોય છે. અને સાંજનાં સમયે આવે છે બોરદેવી. આમ પરિક્રમાનું ચોથા દિવસનું અને છેલ્લા દિવસનું રાત્રિ રોકાણ આવે છે. રળીયામણા અને મનોહર એવા આ બોરદેવી માતાજીની જગ્યામાં જયાં ગાઢ જંગલ છે ત્યાં બોરદેવી માતાજીનું શિખરબંધ મંદિર આવેલુ છે.

આ મંદિરના મહંત શ્રી રામનારાયણદાસ ગુરૂ શ્રી જનાર્દનદાસજીનાં જણાવ્યા મુજબ સ્કંદપુરાણમાં આ જગ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. તે મુજબ શ્રી કુષ્ણનાં બહેન સુભદ્રાના અને અર્જુનના લગ્ન અહીં થયેલ છે. જગદંબા માં અંબિકા માતાજી અહીં બોરડીમાંથી પ્રગટ થયેલ છે તેથી આ સ્થળનું નામ બોરદેવી પડેલ છે તેવી લોકવાયકા છે. જેની એક તરફ પાણી અને બીજી તરફ ગઢ ગિરનારની લીલી વનરાઈઓ જીવનનો તમામ થાક ઉતારી નાખે છે. આમ બોરદેવ માતાજીનાં દર્શન કરીને રાત્રિની મીઠી નિંદર માણી બધા સવારનાં યાત્રાનો પંથ આગળ કાપવાનો ચાલુ કરે છે.

યાત્રાનાં છેલ્લા અને પાંચમા દિવસે એટલેકે કારતક સુદ પૂનમે દેવ દિવાળીએ બધા યાત્રિકો ભવનાથ તરફ વળે છે. આમ આ યાત્રાનાં ઘણા ખરા યાત્રિકો ગિરનાર ચડે છે. અને ત્યાં બિરાજમાન બધા દેવસ્થાનોનાં દર્શન કરે છે. તે સિવાયનાં યાત્રિકો ભવનાથ મહાદેવનાં દર્શન કરીને ત્યાંથી દામોદર કુંડમાં સ્નાન કરીને આ યાત્રા પુર્ણ કરે છે. આમ આ કારતક સુદ અગીયારસથી શરૂ થતી યાત્રા દેવ દિવાળીએ શારિરીક ક્ષમતાની કસોટીરૂપ પરિક્રમા પુરી થાય છે...

ગિરનાર પરિક્રમા ની ૨૫ રોચક વાતો :

આજે પણ અનેક વિભૂતિઓ આ ગિરનારની ગુફાઓમાં અત્માધ્યાનમાં લીન રહી કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે, જેની ઉંમર ૧૦૦-૨૦૦-૩૦૦ એમ સેંકડો વર્ષની પણ હોય છે. જૈન ગ્રંથો તથા અન્યધર્મગ્રંથોમાં પણ યક્ષાદિ અનેક આત્માઓ ગિરનારમાં વસતા હોવાનો ઉલ્લેખ આવે છે.

ગરવાગઢ ગિરનારના પહાડોમાં અનેક ગુફાઓ અને ગુપ્તસ્થાનો છે, જેના કારણે ગિરનાર ઘણા સ્થાને ખૂબ પોલો હોવાનું જણાય છે. આ પર્વતોમાં અનેક સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ, અનેક અઘોરીઓ અને મહાત્માઓએ વસવાટ કરી અનેક સાધનાઓને સિદ્ધ કરેલ છે.

૧. જુનાગઢના ગોરજી કાંતીલાલજીના કહેવા પ્રમાણે જુનાગઢના કેટલાક ભાઈઓએ ગધ્ધેસિંહના ડુંગરમાં જઈ ગધૈયાના સિક્કાઓ એકઠા કરી ગાંસડી બાંધીને બોરદેવીના મુકામે આવ્યા, તે વખતે બોરદેવીમાં ઉપસ્થિત બાવાને તેઓએ હેરાન કર્યો તેથી બાવાનો ક્રોધ આસમાને ચડતાં કેટલાક તો ગાંડા થઇને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા, કેટલાક ભાગી છુટતાં રસ્તામાં મૃત્યુ પામ્યા અને કેટલાક તો જુનાગઢમાં પહોચ્યાં પછી મૃત્યુ પામ્યા હતાં.આ સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ તથા યક્ષાદિ આત્માઓની અનેક વાર્તાઓ અને ચમત્કારોની વાતો આજે પણ લોકમુખથી જાણવા મળે છે, જેમાંથી કેટલીક વાતો અહીં જણાવેલ છે.

૨. ગોરજી કાંતીલાલજી કહેતા કે ગિરનાર ઉપર પથ્થર ચટ્ટીની જગ્યામાં રહેતા હરનાથગર નામના અઘોરીએ એકવાર કોઈ બ્રાણના પુત્રને ઉપાડી લાવીને તેનું ભક્ષણ કર્યું હતું. તે બ્રાણ પુત્રને શોધતાં શોધતાં ગિરનાર ઉપર આવ્યો પરંતુ પુત્ર ન મળવાથી અત્યંત દુઃખી હૃદયે તે ગિરનારના અધિષ્ઠાયક દેવોને પ્રાર્થના કરે છે. બ્રાણના આક્રંદથી તુષ્ટ થયેલ વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવ જાગૃત થયા, તેમની સહાયથી પેલો બ્રાણપુત્ર પુનઃ જીવિત થયો અને અધિષ્ઠાયક દેવે તે અઘોરીને લાકડી વડે ખૂબ માર મારતાં તે અઘોરી લંગડો થઇ ગયો, ત્યારબાદ ઘણા અઘોરીઓ ગિરનાર છોડીને ચાલ્યા ગયા.

૩. ગિરનારના શ્રી નેમિનાથ દાદાની પૂજા કરનાર આરાધક આત્માઓ ધન્ય બની જાય છે, અરે!! બાલ બ્રહ્મચારી નેમિપ્રભુના દર્શન-પૂજનથી કેટલાય આરાધકોએ વાસનાઓનું વમન થતું હોવાનો અનુભવ કર્યો છે, આજે અનેક મુમુક્ષુ આત્માઓ દિક્ષાપૂર્વે શ્રીનેમિપ્રભુ તથા દીક્ષા કલ્યાણકભૂમિના દર્શન-પૂજન-સ્પર્શન દ્વારા સંયમ અંગીકાર કરવામાં નડતાં અંતરાયોને તોડવા માટે સમર્થ બને છે. કેટલાય આત્માઓ આ ગિરનારની ભક્તિ કરી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરી આત્મારાધનામાં લીન બન્યા છે.

૪. એક સાધક આત્મા ગિરનારના અમિઝરા પાર્શ્વનાથ ભગવાનના ભોંયરામાં સાધના કરવા અનેકવાર આવતાં હતા, ત્યારે એક રાત્રીએ ભોંયરામાં જાપ-ધ્યાનની આરાધનામાં લીન હતા અને ભોંયરાનો દરવાજો પૂજારી બહારથી બંધ કરી ગયા હતા ત્યારે આકાશમાર્ગેથી એક દિવ્યપ્રકાશનો પૂંજ ભોંયરામાં ઉતરતો જોયો અને થોડીવાર તે પ્રકાશના પૂંજમાંથી બે ચારણમુનીઓ અવતરતાં દશ્યમાન થયા, થોડીવાર અમિઝરા પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ કરી ત્યારબાદ તે ચારણમુનીઓ અત્યંત તેજગતિએ આકાશ ભણી ગમન કરતાં નિહાળ્યા હતા.

૬. રાજનગર – અમદાવાદથી એક આરાધક પરિવાર સંઘ લઈને ગિરનારમંડણ શ્રી નેમિનાથ પ્રભુજીને આભૂષણ ચઢાવવા આવ્યો ત્યારે અઢાર અભિષેકના દિવસે શ્રી નેમિનાથ દાદાના આખા દેરાસરની છતમાંથી મોટા મોટા ટીપાં પડે તે રીતે અમિઝરણાં થયા હતા. વળી શ્રી નેમિપ્રભુની પ્રતિમાને ત્રણવાર અંગલુંછણા કરવા છતાં જયારે અમિઝરણાં ચાલુ જ રહ્યા ત્યારે સૌએ તેવા ભીના પ્રભુજીની જ પૂજા કરી હતી.,

૭. ગિરનાર ઉપરની શ્રી પ્રેમચંદજીની ગુફામાં ઘણા મહાત્માઓએ ધ્યાન ધરેલ છે, શ્રી પ્રેમચંદજી મહારાજ યોગ વિદ્યામાં પ્રવીણ હતા. એકવાર પોતાના ગુરુભાઈ શ્રી કપુરચંદજીને શોધવા માટે તેઓ ગિરનારની આ ગુફામાં આવીને રહ્યા હતા. શ્રી કપુરચંદજી મહારાજ પાસે અનેકરૂપને ધારણ કરવાની તથા એક સ્થળેથી બીજા સ્થળે ઉડી જવાની આકાશગામિની વિદ્યા હતી.

૮. સં. ૧૯૪૩ માં ગિરનાર ઉપર એક યોગી એક પ્રબુદ્ધ લેખકને પોતાની ગુફાનું પાષાણનું દ્વાર ખોલીને અંદર લઈ ગયેલા ત્યારબાદ તે લેખક અનેકવાર તે સ્થળે જઈને તે દ્વારની તપાસ કરતાં, પરંતુ ત્યાં ખડકની શિલા સિવાય બીજું કાંઈ નહોતું મળતું.

૯. એકવાર કેટલાક આરાધકો શ્રી નેમિનાથ દાદાની દેરાસરની બહારની ધર્મશાળાની રૂમોમાં જાપની આરાધના કરી રહ્યા હતાં. ત્યારે શ્રી નેમિપ્રભુના જિનાલયમાંથી એકધારો ઘંટનાદ સંભળાતો હતો.

૧૦. કેટલાક સાધ્વીજી ભગવંતો શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર માંગલિક થયા બાદ બહાર રહેલા શાસનઅધિષ્ઠાયિકા અંબિકાદેવીની દેરી પાસે આરાધના કરી રહ્યા હતા ત્યારે દાદાના દરબારમાંથી લગભગ પોણા કલાક સુધી સતત નૃત્યોના નાદ અને ઝાંઝરના-ઝમકારના દિવ્યધ્વનિનું ગુંજન સંભળાતું હતું.

૧૧. વિ.સં. ૨૦૩૧ ના કારતક માસમાં એક આરાધક આત્માએ ખુબ ભાવપૂર્વક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાને પ્રક્ષાલ કર્યો પછી અંગલુંછણા વગેરેથી બધું કોરું કરી દેવા છતાં જયારે પૂજા કરવા ગયા ત્યારે પ્રભુજીના ચરણકમલમાંથી લગભગ ચારેક વાટકી ભરાય તેટલું દિવ્યસુગંધી નવણજલ ઝર્યું હતું.

૧૨. આ ગિરનારની ઔષધીના અચિંત્યપ્રભાવથી છેલ્લા સેંકડો વર્ષોમાં અનેક મહાપુરુષો આકાશગમન દ્વારા તીર્થયાત્રા કરતાં હતા.

૧૩. એકવાર એક યોગીપુરૂષને જીવતાં સળગાવી દેવામાં આવ્યા હોવા છતાં તે મહાત્માએ ભડભડ બળતાં અગ્નિમાંથી સહજતાપૂર્વક બહાર નીકળીને કલકત્તાના અંગ્રેજ ગવર્નરને આશ્ચર્ય પમાડી દીધા હતાં.

૧૪. ગિરનારની ગુફામાં વસતાં નાગાબાવાઓ મહાશિવરાત્રિના મેળાના અવસરે અનેકવિધ અકલ્પનીય યોગના દાવો દ્વારા સૌને આશ્ચર્યમુગ્ધ કરતાં હોય છે. આજે પણ એવા ઘણા અઘોરીઓ ગિરનારની ગુફામાં વસે છે જે મહાશિવરાત્રિના મેળાના અવસરે ભવનાથ મંદિરના દર્શનાર્થે આવે છે પછી મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે અને પાછા બહાર નીકળતા જોવા મળતા નથી (પ્રાયઃ! સુક્ષ્મ શરીર કરીને ચાલ્યા જતાં હોવાનો સમભાવ છે.

૧૫. ઈ.સં. ૧૮૮૯-૧૮૯૦ માં વંથલી તાલુકાના સેલરા ગામના એક આહિરના પુત્રને તેના ખેતરમાંથી આકાશમાર્ગે આવેલા કોઈ સાધુ પોતાની પાછળ તે બાળકને ઉપાડીને ગિરનાર ઉપર લઈ જતા હતા, એક ગુફામાં ત્રણ દિવસ રાખીને પાછો મુકી જતા હતાં ત્યારે પોલીસ તપાસ થતી પરંતુ તે વખતના નવાબ રસુલખાને હવે આ છોકરો સહિસલામત પાછો આવી ગયો હોવાથી તે સાધુઓની શોધ કરવા માટે વિશેષ ઊંડા ઉતરવાની જરૂર નથી તેવું કહીને તપાસ બંધ કરવા માટે આજ્ઞા કરી હતી.

૧૬. એકવાર એક બાવાએ જંગલમાં કોઈ રસકુપિકાની શોધ કરીને તેમાંથી રસ લઈને એક તુંબડીમાં ભરી દીધો હતો, રાત્રે કોઈ સોનીને ત્યાં રોકાણ કરી બીજા દિવસે સવારે ઉઠીને તે પોતાના રસ્તે ચાલી નીકળતો હતો. સોનીના ઘરમાં જયાં જયાં તુંબડીમાં રહેલા રસના છાંટા હતા તે તે વસ્તુઓ સોનાની બની ગઈ હતી. આ ઘટનાનો ખ્યાલ આવતાં સોનીએ તાત્કાલિક તે બાવાને શોધવાના પ્રયત્નો કર્યા પરંતુ તે બાવાનો કોઈ પત્તો ન લાગ્યો.

૧૭. મહાદુઃખમય એવા સંસારમાં રોગથી પીડાતા કોઈ માણસે આપઘાત કરવા અંબાજીની ટૂંકથી પડતું મુક્યું પરંતુ નસીબજોગે કોઈ હરડેના ઝાડ પાસે પડવાથી તે થોડો સમય ત્યાંજ પડ્યો રહેવાથી હરડેના ઝાડની અસરથી તેને વારંવાર સંડાસ જવાનું થતાં તેનો બધોજ રોગ દૂર થઇ ગયો. આ વાત તેણે જુનાગઢના તે વખતના ગોરજી લાધાજી જયવંતજીના ગુરૂને કરી ત્યારે તેમણે પણ તે હરડે લાવીને નવાબ સાહેબની દવામાં ઉપયોગ કર્યો. ટૂંક સમયમાં નવાબ સાહેબનો દીર્ઘકાલીન રોગ પણ ગાયબ થતાં તે તંદુરસ્ત સ્વાસ્થ્યને પામ્યા હતાં.

૧૮. એકવાર કેટલાક યાત્રિકો ગિરનારમાં ભૂલા પડ્યા ત્યારે કોઈ યોગીની ગુફા પાસે આવી પહોચ્યાં હતા. યોગી મહાત્માએ તેમને સાંત્વન આપીને કોઈ ઝાડના પાંદડાઓ ખાવા આપ્યા. તે પાંદડા તેમને પાપડ જેવા લાગ્યા અને તેનાથી તેમની ભૂખનું શમન થઇ ગયું. ત્યારબાદ તેમની ઉપર પાટા બાંધીને કોઈક રસ્તે છૂટા મૂકી દીધા ત્યારે તે સ્વાભાવિક જ પોતાના સ્થાન ઉપર પાછા પહોચી ગયા હતાં. બીજા દિવસે જયારે તે યાત્રિકોએ તે ગુફાની શોધ કરી ત્યારે તેમને તે સ્થાન જોવા ન મળ્યું.

૧૯. એકવાર એક કઠીયારાએ રતનબાગમાં કોઈ વાંદરાને કુહાડી મારી, તે કુહાડી જોગાનુજોગ કોઈ કુંડમાં પડવાથી સોનાની થઇ ગઈ, તે સ્થાનની ચોક્કસ નિશાની રાખીને તે કઠીયારો બીજે દિવસે તે સ્થાન શોધવા લાગ્યો ત્યારે પોતાની કરેલી નિશાની ન મળતાં તે રસ્તામાં ભૂલો પડી ગયો હતો.

૨૦. કાળી ટેકરીની આગળની ટેકરીને વલ્મિકી ઋષિની ટેકરી કહે છે. તે સ્થાનની આગળ જટાશંકર જવાનો રસ્તો આવે છે, તે માર્ગમાં પ્રથમ 'પુતળીઓ ગોળો' નામની જગ્યા આવે છે. તે સ્થાન ઉપર ચોખાના આકારના પથરાઓ જોવા મળે છે.

૨૧. ગબ્બર અથવા ગધ્ધેસિંહનો ડુંગર પાંચમીટૂંકના નૈરૂત્યખૂણામાં છે, ત્યાં શાશ્વતી પ્રતિમાઓ છે પરંતુ તેમાં કુંજ દ્રુહ નામનો ઝરો છે તેને તાંતણીયો ધરો પણ કહેવાય છે. આ ધરામાં રતનબાગમાંથી શુદ્ધ નિર્મળ જળ આવે છે અને અગાધ હોવાથી તેનો કોઈ પાર આવતો નથી તેથી તે શાશ્વતી પ્રતિમાના સ્થાન સુધી કોઈ પહોંચી શકતું નથી. આ તાંતણીયો ધરો બીલખા તરફ થઈને હોજતને મળે છે.

૨૨. ગબ્બર અને દાતારના ડુંગરની વચ્ચે નવનાથ, ૮૪ સિદ્ધની ટેકરી છે, તેને હાલ ટગટગીઆનો ડુંગર કહે છે. આ ટગટગીઆના ડુંગરથી રત્નેસર અને ત્યાંથી કાળીના મુકામે જવાય છે. આ ડુંગરમાં પૂર્વે ઘણા અઘોરીઓ રહેતા હતાં.

૨૩. ગિરનારમાં એવી વનસ્પતિ છે જેના મુળિયાને રાંધીને ખીચડી બનાવીને ખાવાથી છ-છ માસ સુધી માણસની ભૂખ ખલાસ થઇ જાય છે.

૨૪. ગિરનારના સહસાવન તરફના પોલા આંબાના વૃક્ષ પાસે એક ઝરણું વહેતું હતું. એક માણસ તે ઝરણાનું પાણી લેવા નીચે વળીને પાછો ઉભો થાય છે ત્યારે એક મહાકાય માનવ જેવી આકૃતિ તેની સામે જોઈને અટ્ટહાસ્ય કરી રહી હતી. તે દશ્ય જોઈને પેલો માણસ ગભરાટ સાથે ત્યાંથી ભાગી છુટ્યો હતો.

૨૫. ગિરનારના માર્ગમાં આવેલા દામોદરકુંડના પાણીમાં નાંખવામાં આવેલા હાડકાં આપમેળે ઓગળી જાય છે અને તેમાં ભસ્મ નાંખવામાં આવે તો પણ તે પાણી શુદ્ધનું શુદ્ધ જ રહે છે.

૨૬. ગિરનારમાં એવી વનસ્પતિ છે જેમાંથી દુધ નીકળે છે. તે દુધના ૩-૪ ટીપાં આપણા સાદા દુધમાં નાંખવામાં આવે તો પાંચ જ મિનીટમાં તે દહીં બની જાય છે.

૨૭. આ ગિરિ કંદરા માં જ જાણીતી ફિલ્મ અભિનેત્રી પરવીન બાબી નો જન્મ થયો હતો...એમના માતા પિતા ના લગ્ન ના ૧૪ વર્ષ બાદ, સાધુ સંતો નાં આશીર્વાદ થી જ એમનો જન્મ ગીરનાર ની ગોદ માં જ થયો હતો પણ અમુક કારણસર એ આશીર્વાદ શ્રાપ માં પરિણમતાં પરવીન બાબી નું આખું જીવન દુઃખમય રહ્યું હતું.

# ડાંગ જિલ્લાના વનવાસી ખેડૂતોને જંગલ જમીન ખેડાણ હક્કના આદેશપપત્રો વિતરણ કરાયા

**-આહવા, વઘઇ, અને સુબિર તાલુકાના ૪૯૨ લાભાર્થીઓને વ્યક્તિગત આદેશપત્રો (૨૪૩.૨૯ હે.ક્ષેત્રફળ) એનાયત કરતા આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ:**

**-ડાંગ જિલ્લામા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લા પાંચ વર્ષમા કુલ રૂ.૧૯૬૩૭.૧૮ લાખના વિવિધ કામો મંજુર કરી પ્રજાજનોને લાભાન્વિત કરાયા છે:- આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ**



આહવા: તા: ૩૦: રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જીન સરકાર વિશેષ કરીને આદિજાતિના પ્રજાજનો માટે ખૂબ જ સંવેદનશીલ અભિગમ અપનાવી રહી છે, તેમ જણાવતા ડાંગના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલે આહવા, વઘઇ, અને સુબિર તાલુકાના ૪૯૨ લાભાર્થીઓને વ્યક્તિગત આદેશપત્રો (૨૪૩.૨૯ હે.ક્ષેત્રફળ) એનાયત કર્યા હતા.

આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો, તથા ગ્રાહકોની સુરક્ષા વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આહવાના ડાંગ દરબાર હોલ ખાતે, ડાંગ જિલ્લાના વનવાસી ખેડૂતોને જંગલ જમીન ખેડાણ હક્કના આદેશપત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમા અધ્યક્ષ સ્થાનેથી બોલતા મંત્રીશ્રીએ રાજ્ય સરકારે પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને વધુ બે સિલિન્ડરો આપવા સાથે, ભારત સરકારે રેશનકાર્ડ ધારકોને દેશના કોઈ પણ સ્થળેથી તેમના હક્કનુ અનાજ મળી રહે તેવી સવલત આપી હોવાનુ ઉમેર્યું હતુ.

આદિવાસી વિસ્તારમા ડેમ બાબતે પ્રજાજનોને ગુમરાહ કરનારા લોકોની વાતમા નહિ આવવાની અપીલ કરતા મંત્રીશ્રીએ, ડાંગ જેવા ડુંગરાળ પ્રદેશમા ખેતી અને પશુપાલન માટેના પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે મધ્યમ કદના ડેમની હિમાયત કરી હતી.

પ્રાસંગિક વક્તવ્ય કરતા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત તથા ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આદિજાતિ પ્રજાના કલ્યાણ અર્થે રાજ્ય અને કેન્દ્ર સરકારે હાથ ધરેલા પગલાઓ જાણકારી રજૂ કરી, આદિવાસી ક્ષેત્રના સર્વાંગીણ વિકાસ માટે કાર્યરત ડબલ એન્જીન સરકાર ઉપર પ્રજાજનોએ મુકેલા ભરોસાની યશગાથા વર્ણવી હતી.

ઉલ્લેખનીય છે કે, સો ટકા આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામા આદિવાસી સમુદાયના સર્વાંગીણ વિકાસ માટે રાજ્ય સરકારે વિશેસ લક્ષ કેન્દ્રિત કર્યું છે. જે મુજબ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ અર્થે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી મારફત અમલીત જુદી જુદી બજેટ યોજનાઓ જેવી કે, ન્યુ ગુજરાત પેટર્ન યોજના, ખાસ કેન્દ્રીય સહાય યોજના/ડી-સેગ, ગાંધીનગર મારફત અમલીત યોજનાઓ, ન્યુક્લીઅસ બજેટ યોજના, ભારતના બંધારણની કલમ ૨૭૫ (૧), આદિમજુથ વિકાસ યોજના, બોર્ડર વિલેજ વિકાસ છ પાયાની સુવિધા યોજના, ઘર-ઘર નળ કનેક્શન પીવાના પાણી સુવિધા યોજના, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ ખેડૂત સશક્તિકરણ યોજના, દૂધ સંજીવની યોજના, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, મુખ્યમંત્રીશ્રી નાહરી કેન્દ્ર યોજના, હાટ બજાર યોજના જેવી વિવિધ કલ્યાણકારી-વિકાસ યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમા કુલ રૂ.૧૯૬૩૭.૧૮ લાખના વિવિધ કામો મંજુર કરી પ્રજાજનોને લાભાન્વિત કરાયા છે.

જેની ભૂમિકા પણ મહાનુભાવોએ કાર્યક્રમ દરમિયાન સ્પષ્ટ કરી હતી.આહવા, વઘઇ, અને સુબિર તાલુકાના ૪૯૨ લાભાર્થીઓને વ્યક્તિગત આદેશપત્રો (૨૪૩.૨૯ હે.ક્ષેત્રફળ) એનાયત કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન પ્રાયોજના વહીવટદાર શ્રી ડી.જે.પટેલે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરાયુ હતુ. જ્યારે કાર્યક્રમના અંતે આદિજાતિ વિકાસ અધિકારી શ્રી આર.એ.કનૂજાએ આભારવિધિ આટોપી હતી.

ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમા આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, ભાજપા પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર, મહામંત્રીઓ સર્વશ્રી રાજેશભાઈ ગામીત, હરિરામ સાવંત, કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા, પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નિવાસી અધિક કલેકટર શ્રી પી.એ.ગાવિત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વાય.પી.જોશી સહિતના પ્રશાસનિક અધિકારીઓ, પદાધિકારીઓ, હોદ્દેદારો, લાભાર્થીઓ, મીડિયાકર્મીઓ, અને નગરજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

# શિહોરી ખાતે બ્રહ્મ સમાજનું મહાસમેલન યોજાયું

## રાજકીય પક્ષો પાસે ટીકીટ ની માગણી કરવામાં આવી



કાંકરેજ : આજરોજ કાંકરેજ તાલુકા બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મસમાજનું મહાસમેલન યોજવામાં આવ્યું.જેમાં હજારો ની સંખ્યામાં ભૂદેવો હાજર રહી શક્તિ પ્રદર્શન કર્યું. તેમજ પાંચ પરગણા બ્રહ્મ સમાજ માંથી અગ્રણી આગેવાન એવા શ્રી હરગોવનભાઈ જોષી (શીવાંડિયા)ને ભા.જ.પ.માંથી ટીકીટ મળે તો બ્રહ્મ સમાજ સહિત અન્ય સમાજો પણ ટેકો કરી પાર્ટી ને ભવ્ય જીત અપાવશે એવો શુભ સંકલ્પ કરવામાં આવ્યો. દરમિયાન ચાલુ વર્ષે સમાજમાં જેમણે પણ વિશેષ સિદ્ધિ હાંસલ કરી સરકારી નોકરી મેળવી છે એવા ભાઈઓ અને બહેનોનું સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.તેમજ ગત દિવસે મોરબીમાં થયેલ દુઃખદ ઘટનાને લઈ સમાજ દ્વારા મૌન રાખી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે વિવિધ દાતાઓ તેમજ આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું. તો બ્રહ્મ સમાજ ના અગ્રણી આગેવાન એવા હરગોવનભાઈ શીવાંડિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે સમાજ માં શિક્ષણ સાથે સંસ્કાર અને જાગૃતિ તેમજ એકતા હોવી જરૂરી છે. જેના થકી સમાજ નો સર્વાંગી વિકાસ થઈ શકે.તેમજ આવનાર વિધાનસભા ચૂંટણી માં ઉત્તર ગુજરાત માંથી લોકચાહના ધરાવતા હરગોવનભાઈ શીવાંડિયા પણ મજબૂત દાવેદાર સાબિત થઈ શકે છે. જેવો સર્વ સમાજમાં લાગણી અને લોકચાહના ધરાવે છે

ભરતભાઈ .એલ.જોષી (માહારાજ)...

BANASKANTHA POLICE

The Team For Your Safety

કંટ્રોલરૂમ : (૦૨૭૪૨) ૨૫૨૬૦૦

**સોડાલ ગામની સીમમાં હંગામી ચેક પોસ્ટ ઉપર CNG રીક્ષામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ/બિયર ટીન નંગ-૨૭૭ તથા રીક્ષા સહિત કુલ કિ.રૂ. ૩,૪૨,૪૬૫ /- નો મુદ્દામાલ પકડી પાડતી પાંથાવાડા, બનાસકાંઠા પોલીસ.**

શ્રી જે.આર.મોથલીયા, પોલીસ મહાનિરીક્ષક,સરહદી રેંજ કચ્છ-ભુજ તથા શ્રી અક્ષયરાજ, પોલીસ અધિક્ષક બનાસકાંઠા જીલ્લાનાઓએ દારૂ/ જુગારની પ્રવુતિ નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે,

શ્રી એસ.એમ.વારોતરીયા, નાયબ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ થરાદનાઓના માર્ગદર્શન મુજબ,

શ્રી એ.કે.દેસાઈ, પો.સબ.ઈન્સ. પાંથાવાડા પો.સ્ટેનાઓ પોલીસ સ્ટાફ સાથે પાંથાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના સોડાલ ગામની સીમમાં હંગામી ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગ કરતા હતા. દરમ્યાન પો.સ.ઈ. શ્રી એ.કે.દેસાઈ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે બાટ (રાજ.) તરફથી એક CNG રીક્ષા નંબર GJ.02.AU.0174 નીમા ગે.કા. રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઘનિયાવાડા તરફના રોડે આવનાર છે.જે બાબતી હકીકત આધારે પંચો તથા પો.સ્ટાફના માણસો સાથે સદરી રીક્ષાની નાકાબંધીમાં હંગામી ચેક પોસ્ટ ખાતે રોડ ઊપર હતા.દરમ્યાન હકીકતવાળી રીક્ષા આવતાં તેને રોકાવતાં તેમાં ચાલક ઈસુબભાઈ જુમાભાઈ સિંધી રહે. લશ્કરી કુવા, રાધનપુર ચોકડી, મહેસાણા તા.જી.મહેસાણાવાળો તથા સાથે સિધ્ધરાજ અદુભા ઠાકોર (ઝાલા) રહે. રાધનપુર ચોકડી પાસે મગપરા, મહેસાણા તા.જી.મહેસાણા મુળ રહે. વિરસોડા તા.જી.મહેસાણાવાળાઓ બેઠેલ હોઈ અને સદરી રીક્ષામાંથી ગે.કા. વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલ નંગ- ૨૭૭ કુલ કિ.રૂા. રૂા. ૩૮,૯૬૫/- તથા રીક્ષા કિ. રૂા.૩,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ- ૨ કિ.રૂા.૩૫૦૦/- એમ મળી કુલ કિ.રૂ.૩,૪૨,૪૬૫ /- નો મુદ્દામાલ મળી આવતાં સદરી ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ કાર્યવાહી કરેલ છે.

➤ કામગીરી કરનાર અધિકારીશ્રીની વિગત

- શ્રી એ.કે.દેસાઈ,પો.સબ.ઈન્સ.,પાંથાવાડા
- શ્રી બાબુલાલ,એ.એસ.આઈ.,પાંથાવાડા
- શ્રી ભરતસિંહ,હે.કોન્સ.,પાંથાવાડા
- શ્રી અશોકભાઈ,પો.કોન્સ.,પાંથાવાડા
- શ્રી તેજસભાઈ,પો.કોન્સ.,પાંથાવાડા



9913161000

banaskanthapolice

@sp_banaskantha

banaskanthapolice

## શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણા આયોજિત વિદ્યોત્તેજક સન્માન કાર્યક્રમ

તા. ૩૦-૧૦-૨૦૨૨ના રોજ અમદાવાદ એસ એન બ્લુ હોટેલ ખાતે મહેસાણા જિલ્લાના શિક્ષક મિત્રો જેમણે શિક્ષણ ક્ષેત્રે પોતાનું વિશેષ યોગદાન આપીને તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, રાજયકક્ષા તેમજ રાષ્ટ્રકક્ષા સુધી એવોર્ડ મેળવેલ છે તેવા શ્રેષ્ઠ સારસ્વતો માટે વિદ્યોતેજક સન્માન કાર્યક્રમ શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણાના સહયોગથી અને ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવશ્રી અને ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પુલકિત જોશીની પ્રેરણાથી યોજાયો.જેમાં મહેસાણા જિલ્લાના ૧૬૦ થી વધુ શ્રેષ્ઠ શિક્ષક મિત્રોનું સન્માન થયું. જે મહેસાણાના ઈતિહાસમાં પ્રથમવાર છે. શિક્ષણવિદ શ્રી ગજેન્દ્રકુમાર જોશીના માર્ગદર્શનમાં અને તેઓશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી એમ.પી. મહેતા, સચિવશ્રી સર્વ શિક્ષા અભિયાન, શ્રી એમ.કે રાવલ નિયામકશ્રી GSEB અને GIET ગાંધીનગર, શ્રી તુષારભાઈ મહેતા મદદનીશ સચિવ ગુ.મા.શિ.બોર્ડ, શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલક શ્રી ધર્મેશભાઈ પટેલ, શાસ્રી શ્રી કલ્પેશભાઈ જોષી, રાજકીય અગ્રણી શ્રી ભાસ્કરભાઈ ઠાકર વગેરેએ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માન પત્ર આપ્યાં તથા ખૂબ જરૂરી જ્ઞાનવર્ધક ભાથું પીરસ્યું. શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, મહેસાણાના પ્રમુખશ્રી નરેશકુમાર દવેએ પોતાના ટ્રસ્ટનાં સેવાકીય કાર્યોની વિગતો આપી. તેમની વાતોમાં સ્વભાવની સરળતાનાં તથા શિક્ષકો માટેના આદરનાં દર્શન થયાં. નવા વર્ષે કેટલાક નૂતન વિચારો સાથેનું આ સજ્જતાવર્ધક સ્નેહમિલન આજીવન સંભારણું રહેશે તે ભાવ સાથે સૌ છૂટા પડ્યા.



### પ્રમુખ સ્વામીની જન્મ શતાબ્દીની ઉજવણી

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીની જન્મશતાબ્દીની ઉજવણીના સંદર્ભે રજૂ થયેલ કાર્યક્રમમાં નાનજીભાઈ ઠક્કરના સહયોગથી નીતિન દેસાઈ સર્જિત આનંદનો રસ ચાખ વિષયને આવરી લેવાયો હતો. નાનજીભાઇ ઠક્કર, આશિષ મહારાજ, લલિત મહારાજ, રમેશભાઈ, ધર્મેશ ચુડાસમા, અશોક સોલંકી, દીવાના ગુજરાતી સમાજ વગેરેએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અભિનેતા તન્મય વેકરીયા, હરિકૃષ્ણ શાસ્ત્રી, વીણા ચોટલીયા, બાળ કલાકારો લહેર ઠક્કર, ઓમ ગોહિલ, સોહમ ગોહિલ, પલશ શ્રોફે કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. વર્ષા આટર્સ દ્વારા પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી નિમિત્તે કાર્યક્રમ રજૂ કરાયો હતો અને અનેક મહાનુભાવો, સાધુસંતો, કથાકારોએ આશીર્વચન આપ્યા હતા.

## રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મોરબી જીલ્લામાં બનેલ દુર્ઘટનામાં જે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. તે મૃતકોને કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ

ગઈકાલે મોડી સાંજે મોરબી જીલ્લામાં આવેલ ઝુલતો પુલ અચાનક તૂટી જતા ઝુલતો પૂલ જોવા આવેલા લોકોમાંથી ૧૯૦ થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે. જે અત્યંત દુઃખદ દુર્ઘટના છે. આ દુઃખદ દુર્ઘટનાના અનુસંધાને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મૃતકોને કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલિ આપવાનું આયોજન કરેલ હોય તો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રદેશ ના હોદેદારો, શહેરના ઉપપ્રમુખ - મહામંત્રી- મંત્રી, તમામ ફ્રન્ટલ સેલના ચેરમેનો, તમામ વોર્ડ પ્રમુખો, શહેર ના આગેવાનો, કાર્યકરો ભાઈઓ બહેનો એ નીચે જણાવેલ સ્થળે ઉપસ્થીત રહેવા વિનંતિ.

**સ્થળ:**
**તારીખ : ૩૧/૧૦/૨૦૨૨ ને સોમવાર**
**સમય : સાંજે ૭:૦૦ કલાકે**
**સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ બહુમાળી ભવન ચોક થી રાજીવ ગાંધીજીનું સ્ટેચ્યુ સુધી રેસકોર્સ રીંગ રોડ રાજકોટ.**
**પ્રદિપ ત્રિવેદી**
**પ્રમુખ**
**રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ**
**સંજય અજુડીયા**
**કાર્યકારી પ્રમુખ**
**રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ**

# ૧ નવેમ્બર, કારતક શુક્લ પક્ષની અષ્ટમી તિથિ એટલે ગોપાષ્ટમી





ગોપાષ્ટમીએ ભગવાન શ્રીકૃષ્ણ પ્રથમ વખત ઉઘાડા પગે વનમાં ગાયો ચરાવા ગયા હતા.

ગોપાષ્ટમીના દિવસે ગાય અને વાછરડાની પૂજા કરવાનો રિવાજ

ભારતીય સંસ્કૃતિ તહેવારો અને ઉત્સવોની સંસ્કૃતિ છે, જે સમાજમાં ગતિશીલતા અને નવા જીવનની ભાવના આપે છે. ઉજવણી ઉત્સાહ, આનંદ અને પ્રેમ બનાવે છે અને પ્રેમ એ પ્રભુ સુધી પહોંચવાનો સૌથી સરળ રસ્તો છે. તહેવારો ઉત્સવો હેતુહીન નથી હોતા, તે કોઈ ઘટના, વાર્તા સાથે સમાજમાં પવિત્ર સંદેશ આપવાનું કામ કરે છે. જો કે ભારત દેશ દરેક દિવસ કોઈને કોઈ ઉત્સવ, જન્મદિવસ, પુણ્યતિથિ કે ઈતિહાસની વિવિધ ઘટનાઓનો સાક્ષી હોય છે, તેમ છતાં કેટલાક તહેવારો સમાજમાં પરંપરા પ્રમાણે કુદરતી અને સ્વાભાવિક રીતે ચાલી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ એ ગાય-સંસ્કૃતિનું એક સ્વરૂપ છે, વિવિધ તહેવારો પર ગાયને યાદ કરીને પૂજા કરવાનું વિશેષ મહત્વ છે. ગોપાષ્ટમી મહાપર્વ તેમાંથી એક છે.

આ પવિત્ર દિવસે ભગવાન શ્રીકૃષ્ણ પ્રથમ વખત ઉઘાડપગું વનમાં ગાયો ચરાવા ગયા હતા.યશોદાએ પોતાના પ્રિય કૃષ્ણને તે જ દિવસે લાકડીઓ અને કાળા કમળ ભેટમાં આપીને ગાય-ચરણ માટે વનમાં મોકલ્યા હતા, તે દિવસથી તેમના હાથમાં સંકલ્પ સૂત્ર ચડાવેલું છે અને ત્યારથી જ તેઓ ગોપાલ તરીકે ઓળખાયા. આ દિવસ ગોપાની અષ્ટમી તિથિ છે એટલે કે કારતક શુક્લ પક્ષની અષ્ટમી તિથિને ગોપાષ્ટમી કહેવામાં આવે છે. કાર્તિક શુક્લ પક્ષની પ્રતિપદાથી સપ્તમી તિથિ સુધી, ગોવર્ધન પર્વત ભગવાન કૃષ્ણ દ્વારા ઉપાડવામાં આવ્યો હતો અને ગોવાળોએ ભગવાન કૃષ્ણના ઈન્દ્ર સાથે સંઘર્ષમા મદદ કરી હતી , જે આ વાર્તાનો સાર છે.

ગોવર્ધનનું મહત્વ એટલે કે ગૌવંશની વૃદ્ધિ અને ગાયના છાણ સંપત્તિનું મહત્વ આ દિવસે સમાજમાં સ્થાપિત થયું હતું. આ મુશ્કેલ કાર્ય શ્રી કૃષ્ણ સહિત ગ્વાલ બાલ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું .

જેથી ગાયના છાણ બનાવી ગોવર્ધનજીની સમાજમાં પૂજા કરવા માટે તંદુરસ્ત ગાય આધારિત ખેતીનો સંકલ્પ આ દિવસે લેવામા આવે છે. ગોપાષ્ટમીના દિવસે વહેલી સવારે ગાય અને વાછરડાની પૂજા કરવાનો રિવાજ છે. ગૌમાતાને સ્નાન કરાવી તેમના અંગો પર મહેંદી અને હલ્દી લગાડવામાં આવે છે. ગોળ, જલેબી અને વસ્ત્ર દ્વારા ગૌવંશની પૂજા કરવામાં આવે છે. આરતી ઉતારવામાં આવે છે. અને ગૌ ગ્રાસ ખવડાવવામાં આવે છે. તેમની પરિક્રમા કરવમાં આવે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાય-બોવાઈન્સના સંદર્ભમાં નીચેના મહત્વના મુદ્દાઓ છે:

વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે ગાયમાં ઘણી સકારાત્મક ઉર્જા હોય છે.

ગાયની પીઠ પર કરોડરજ્જુમાં સ્થિત સૂર્યકેતુ ચેતા હાનિકારક કિરણોત્સર્ગને અવરોધે છે.

પર્યાવરણને સ્વચ્છ બનાવે છે. આ સૂર્યકેતુ નાડી તમામ રોગોનો નાશ કરનાર છે, તમામ ઝેરનો નાશ કરનાર છે.

સૂર્યકેતુ સૂર્યના કિરણોમાંથી નીકળતી ઊર્જાને શોષી શકતો નથી, જે સોનું ઉત્પન્ન કરે છે.તે સીધું ગાયના દૂધ અને પેશાબમાં જોવા મળે છે. તેથી જ ગાયનું દૂધ અને પેશાબ આછા પીળા રંગના હોય છે. આ પીળાશ કેરોટીન તત્વને કારણે છે, જે કેન્સર અને અન્ય રોગો સામે રક્ષણ આપે છે.

આ સોનું ગાયના છાણ દ્વારા ખેતરોમાં પ્રવેશે છે, તેથી જ તેને 'ગોમય વસતે લક્ષ્મી' કહેવામાં આવે છે.

કાળા રંગની ગાયનું દૂધ દ્રવ્ય સંબંધિત રોગોના નિવારણમાં મદદરૂપ છે. પીળા રંગનું ગાયનું દૂધ પિત્ત અને સંધિવાને મટાડે છે.

ગાયના છાણમાં વિટામિન B-12 ભરપૂર માત્રામાં હોય છે. ગાયના છાણને બાળવાથી જંતુઓ અને મચ્છરોનો નાશ થાય છે.

રશિયામાં ગાયના ઘીથી હવન પર વૈજ્ઞાનિક પ્રયોગો કરવામાં આવ્યા છે. એક તોલા (૧૦ ગ્રામ) ગાયના ઘી સાથે યજ્ઞ કરવાથી એક ટન ઓક્સિજન ઉત્પન્ન થાય છે.

એક ગ્રામ ગાયના છાણમાં ઓછામાં ઓછા ૩૦૦ કરોડ બેક્ટેરિયા હોય છે, આ બેક્ટેરિયા ખેતરોની જમીનને ફળદ્રુપ બનાવે છે. ગાયના છાણમાંથી બનેલું ભારતીય ખાતર એ ખેતી માટે સૌથી યોગ્ય માધ્યમ છે. ગાયના છાણને અમૃત સમાન ગણવામાં આવે છે.

ગાયના છાણ, ગૌમૂત્ર, લીમડો, ધતુરા, અળકના પાન વગેરેને ભેળવીને બનાવેલ દ્રાવણોમાંથી ખેતરોને કોઈપણ પ્રકારના જીવજંતુઓથી બચાવી શકાય છે.

ભારતે ગૌમૂત્રની એન્ટિ-કાર્સિનોજેનિક અસરો પર યુએસ પેટન્ટ મેળવી છે. અત્યાર સુધીમાં આવી ૬ પેટન્ટ મળી ચૂકી છે.

ગાય એકમાત્ર એવું પ્રાણી છે જેની દરેક વસ્તુ દરેકની સેવામાં ઉપયોગી છે, ગાયના ગોબર સિવાય ગાયનું દૂધ, મૂત્ર, ગોબર, ઘી, દહીં, છાશ, માખણ વગેરે બધું ખૂબ જ ઉપયોગી છે.

ગૌમૂત્ર અને છાણ પાક માટે ખૂબ જ ઉપયોગી છે. ગાયના છાણ અને ગૌમૂત્રના ઉપયોગ માટે સંશોધન કેન્દ્રો ખોલી શકાય છે, કારણ કે આમાં રાસાયણિક ખાતરોની ખરાબ અસરો વિના કૃષિ ઉત્પાદન વધારવાની અપાર ક્ષમતા છે.

આ બેક્ટેરિયા અન્ય ઘણા જટિલ રોગોમાં પણ ફાયદાકારક છે. ગૌમૂત્ર તેની આસપાસના વાતાવરણને પણ શુદ્ધ રાખે છે. ખર્ચ, ઓછી ઉપજ, વધુ સલામત ઉત્પાદનો, આરોગ્ય વધારનારા ,ખેતીમાં રાસાયણિક ખાતરોની અને જંતુનાશકોને બદલે ગાયના છાણનો ઉપયોગ કરવાથી જ્યાં જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, ત્યાં ઉત્પાદન પણ વધુ થાય છે.

વંદે ગૌ માતરમ

# મોરબી પુલ દુર્ઘટનામાં આખી રાત ચાલ્યું સર્ચ ઓપરેશન

## આર્મી, નેવી, એરફોર્સ, એનડીઆરએફ, ફાયર બ્રિગેડની ટીમે આખી રાત મચ્છુ નદીમાં ચલાવ્યું બચાવકાર્ય

મોરબીમાં ઝુલતા પુલ તૂટી પડવાને પગલે મચ્છુ નદીમાં ગરકાવ હતભાગીઓને શોધવા આર્મી, નેવી, એરફોર્સ, એન.ડી.આર.એફ., ફાયર બ્રિગેડ સહિતની ટીમોએ આખી રાત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, રાજયમંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી વગેરેએ મોરબી માં જ રોકાણ કરીને ઘટનાસ્થળે બચાવ ઓપરેશનમાં રૂબરૂ ઉપસ્થિત રહીને સતત દિશાસૂચન કર્યા હતા.

જિલ્લા વહીવટી તંત્ર તરફથી મળતી વિગતો મુજબ, ઝૂલતા પુલની દુર્ઘટના બન્યા પછી, તંત્ર તુરંત જ સક્રિય થઈ ગયું હતું અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. આ ઉપરાંત અન્ય સ્થળોની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચવા લાગી હતી. બીજીતરફ મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ આરોગ્ય કેન્દ્રો, રાજકોટ પીડીયુ હોસ્પિટલ તેમજ સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલના ૪૦ જેટલા ડોક્ટરોએ ખડેપગે રહીને ઈમરજન્સી સારવાર શરૂ કરી હતી.

પુલ તૂટ્યા પછી ઘટનાસ્થળે રાજકોટ મહાનગર પાલિકાની બોટ અને લાઈફ જેકેટ સહિતની બચાવ સામગ્રી સાથે ફાયર બ્રિગેડની ટીમ મોરબી પહોંચી ગઈ હતી અને બચાવકાર્ય શરૂ કરી દીધું હતું. ઘાયલોને તત્કાલ હોસ્પિટલ પહોંચાડવા રાજકોટ, જામનગર, જુનાગઢ મહાનગર પાલિકા તેમજ મોરબી પાલિકાની મળીને ૨૫ જેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ આખી રાત દોડતી રહી હતી. અનેક ખાનગી એમ્બ્યુલન્સ પણ આ બચાવકાર્યમાં જોડાઈ હતી. સુરેન્દ્રનગરની આર્મીની ટીમ પોતાની ત્રણ એમ્બ્યુલન્સ તેમજ સાધનસામગ્રી સાથે જોડાઈ હતી.

આ ઉપરાંત નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એન.ડી.આર.એફ.)ની વડોદરાની ત્રણ ટીમ તથા ગાંધીનગરની બે ટીમ મળીને કુલ પાંચ ટીમના ૧૧૦ સભ્યો હવાઈ તથા જમીન માર્ગે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બચાવકાર્યને ઝડપી બનાવ્યું હતું. જ્યારે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસ.ડી.આર.એફ.)ની જામનગરની બે પ્લાટુન, ગોંડલ તથા વડોદરાની ૩-૩ પ્લાટુનના કુલ ૧૪૯ જેટલા સભ્યો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જામનગર ગરુડ કમાન્ડોની એક ટીમ તથા સુરેન્દ્ગનગર અને ભુજની બે કંપની પણ આ બચાવકાર્ય માટે ખડે પગે રહી હતી. રાજકોટ ફાયરબ્રિગેડની સાત ટીમ ૧૦ બોટ સાથે પહોંચી હતી. જામનગર અને પોરબંદરની નૌ સેનાની ૨ ટીમના ૫૦ ડાઈવર્સે મચ્છુ નદીમાં હતભાગીઓને શોધવાના ઓપરેશનમાં જોડાયા હતા. બચાવકાર્યમાં લાગેલી ટૂકડીઓ તેમજ ખડેપગે રહેલા અધિકારીઓએ આખી રાત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

રાજય સરકારે આ દુર્ઘટનામાં બચાવ રાહત અને સારવાર તેમજ અન્ય બાબતોમાં જિલ્લા તંત્રને સહયોગી થવા ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા અને મોરબીના પૂર્વ કલેકેટર જે.બી પટેલને ખાસ મોરબી મોકલ્યા છે

દરમિયાન નગરપાલિકાઓના કમિશનરશ્રી રાજકુમાર બેનિવાલ, મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યા, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ, રાજકોટ જિલ્લાના નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ધીમંત વ્યાસ, મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરાગ ભગદેવ, મોરબી જિલ્લા પોલીસવડાશ્રી રાહુલ ત્રિપાઠી સહિતના અધિકારીઓ, કર્મચારીઓનો કાફલો આખીરાત ખડેપગે રહ્યો હતો. દરમિયાન સ્થાનિક લોકો પણ તંત્રની કામગીરીમાં મદદરૂપ થતા રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.